# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૮ * અંક-૮ * એપ્રિલ, ૨૦૨૪

હે જીવ! એક વાર હરખ તો લાવ કે ‘અહો, મારો આત્મા આવો!’ કેવો?—કે સિદ્ધભગવાન જેવો. સિદ્ધભગવાન જેવી જ્ઞાન-આનંદની પરિપૂર્ણ તાકાત મારા આત્મામાં ભરી પડી જ છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. ‘અરેરે! હું દબાઈ ગયો, વિકારી થઈ ગયો, હવે મારું શું થશે?—એમ ડર નહિ, હતાશ ન થા. એક વાર સ્વભાવનો હરખ લાવ, સ્વરૂપનો ઉત્સાહ કર, તેનો મહિમા લાવીને તારા પુરુષાર્થને ઉછાળ, તો તને તારા અપૂર્વ આહ્‌લાદનો અનુભવ થશે, અને તું સિદ્ધપદને પામીશ.

— પૂજ્ય ગુરુદેવશ્રી

## આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● 'જો જિનદેવ હૈ વહ મૈં હૂઁ, વહી મૈં હૂઁ'—ઈસકી ભ્રાંતિ રહિત હોકર ભાવના કર. હે યોગિન્ ! મોક્ષકા કારણ કોઈ અન્ય મંત્ર-તંત્ર નહીં હૈ. ૨૮.

(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૭૫)

● સબસે ઉત્કૃષ્ટ પરમ તત્ત્વ એક પરમાત્મા હૈ. અપને હી ઉત્કૃષ્ટ સ્વભાવકે દ્વારા વહ પહચાના જાતા હૈ, નિશ્ચયસે આત્મા જો હૈ વહી પરમાત્મા હૈ. જિસકે ભીતર યહ ઉત્તમ તત્ત્વ પ્રગટ હો જાતા હૈ વહ ઉત્તમ મુક્તિપદસે જાકર મિલ જાતા હૈ. ૨૯. (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૨૭૧)

● શુદ્ધનિશ્ચયથી શક્તિરૂપે સર્વે જીવો શુદ્ધ-બુદ્ધ એકસ્વભાવી હોવાથી ઉપાદેય છે અને વ્યક્તિરૂપે પંચપરમેષ્ઠી જ ઉપાદેય છે. તેમાં પણ (પંચ પરમેષ્ઠીમાં પણ) અર્હંત અને સિદ્ધિ—એ બે જ ઉપાદેય છે. એ બેમાં પણ નિશ્ચયથી સિદ્ધ જ ઉપાદેય છે અને પરમ નિશ્ચયનયથી તો ભોગાકાંક્ષાદિરૂપ સમસ્ત વિકલ્પ જાળ રહિત પરમ સમાધિ કાળે સિદ્ધિ સમાન સ્વ-શુદ્ધાત્મા જ ઉપાદેય છે, અન્ય સર્વ દ્રવ્યો હેય છે. ૩૦. (શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ દ્રવ્યસંગ્રહ, અધિ-૧ નો ઉપસંહાર)

● શબ્દોંસે શબ્દોંકા બોધ હોતા હૈ, શબ્દોંસે પદ જાના જાતા હૈ. આત્મા પરમાત્માકે બરાબર હૈ, યહ જાનના હી શાસ્ત્રકા મતલબ હૈ. ૩૧.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, ગાથા-૪૯)

● શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે બિરાજી રહ્યો છે. આ પ્રાણી-પર્યાયબુદ્ધિ બહિરાત્મા-તેને બહાર ઢુંઢે છે તે મોટું અજ્ઞાન છે. ૩૨.

(શ્રી સમયસાર, શ્લોક-૧૨નો ભાવાર્થ)

● જગતિલક આત્માને છોડીને પરદ્રવ્યમાં રમે છે...તો શું મિથ્યાદૃષ્ટિને માથે શીંગડા હોતા હશે ? (શ્રેષ્ઠ આત્માને છોડીને પરમાં રમણતા કરે છે તે મિથ્યાદૃષ્ટિ જ છે.) ૩૩. (શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૭૦)

● શ્રુતકેવલીને કહા હૈ કિ તીર્થોંમેં, દેવાલયોંમેં દેવ નહીં હૈ, જિનદેવ તો દેહ-દેવાલયમેં બિરાજમાન હૈં-ઈસે નિશ્ચિત સમજો. ૩૪.(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર-૪૨)

● ચૈતન્યતત્ત્વ નિશ્ચયથી પોતામાં જ સ્થિત છે. તે ચૈતન્યસ્વરૂપ તત્ત્વને જે અન્ય સ્થાનમાં સ્થિત સમજે છે તે મૂર્ખ મુઠ્ઠીમાં રાખેલ વસ્તુને પ્રયત્નપૂર્વક વનમાં શોધી રહ્યો છે. ૩૫. (શ્રી પદ્મનંદી આચાર્ય, સદ્‌બોધ ચંદ્રોદય અધિ. શ્લોક-૯)

વર્ષ–૧૮
અંક–૮




વિ. સંવત
૨૦૮૦

April
A.D. 2024




# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(સમયસાર ગાથા–૩૨૦ જયસેનાચાર્ય ટીકા ઉપર પ્રવચન) (ગતાંકથી આગળ)

## ✻ ત્રિકાળીથી કથંચિત્ ભિન્ન એવી શુદ્ધ પર્યાય આશ્રય કરવા લાયક નથી ✻

માટે આમ ઠર્યું : શુદ્ધપારિણામિકભાવવિષયક (-શુદ્ધપારિણામિકભાવને અવલંબનારી) જે ભાવના તે-રૂપ જે ઔપશમિકાદિક ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષકારણ (મોક્ષનાં કારણ) છે, પરંતુ શુદ્ધપારિણામિક નહીં (અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી).

જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે, પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે.

માટે આમ ઠર્યું–શું ઠર્યું ?–કે આત્મા ત્રિકાળ પારિણામિકસ્વભાવભાવ છે અને તેના લક્ષે જે મોક્ષમાર્ગ પ્રગટે છે તે પર્યાય પણ તેનાથી કથંચિત્ ભિન્ન છે. તેનો આશય એમ છે કે મોક્ષમાર્ગની પર્યાય ક્ષણિક હોવાથી કથંચિત્ ભિન્ન છે તેથી તેનો આશ્રય લેવા લાયક નથી. વસ્તુ નિજાનંદ પ્રભુ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે, એ પરમસ્વભાવને પારિણામિકભાવ કહે છે. આ પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. ખરેખર તો મોક્ષની પર્યાયમાં સ્વદ્રવ્ય નિમિત્ત છે, ઉપાદાન નથી. મોક્ષમાર્ગ છે તે ત્રિકાળી સત્યાર્થના આશ્રયે પ્રગટે છે એટલે કે તેના લક્ષે પ્રગટે છે છતાં પ્રગટ થયેલી જે પર્યાય છે તે પર્યાય

**જીવસ્થાન, માર્ગણસ્થાન, યોનિ, કુલાદિ જીવનાં જાણીને,**
**આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે વ્રત પ્રથમ છે. ૫૬.**
**પરમાગમ શ્રી નિયમસાર**

ત્રિકાળીથી ભિન્ન છે. રાગ તો ભિન્ન છે જ, તેની તો વાત પણ નથી, એ તો ઉદયભાવ છે, બંધનું કારણ છે, પરંતુ અહીં તો કહે છે કે જે નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય છે તે પણ દ્રવ્યસ્વભાવથી કથંચિત્ ભિન્ન છે.

*** વિકારનો કર્તા વિકારી પર્યાય—નિર્મળ પર્યાયનો કર્તા નિર્મળ પર્યાય ***

ભગવાન પૂર્ણાનંદનો નાથ કે જેનું લક્ષ કરતાં, રાગની અપેક્ષા વિના નિરપેક્ષપણે સ્વતંત્રપણે ષટ્કારકથી પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. અરે ! રાગાદિ વિકાર કે મિથ્યાત્વના પરિણામ થાય છે એ પણ ષટ્કારકના પરિણામથી સ્વતંત્રપણે થાય છે. મિથ્યાત્વભાવ થાય છે તેમાં કર્મના કારકોની અપેક્ષા નથી. મિથ્યાત્વનું પરિણમન ષટ્કારકના પરિણમન વડે સ્વતંત્રપણે થાય છે. મિથ્યાત્વભાવ છે તે વિકારીભાવ છે, તે પણ પોતાના ષટ્કારકોથી થાય છે, તેને કર્મની કે નિમિત્તની અપેક્ષા નથી. જ્યારે વિકારની પર્યાયને પણ—કે જે આત્માનો સ્વભાવ નથી, તેમજ કોઈ એવી શક્તિ નથી કે વિકારને કરે છતાં સ્વતંત્રપણે પોતાના એક સમયના ષટ્કારકથી થાય છે, તો પછી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચય મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય છે તે પોતે એક સમયના ષટ્કારકથી પરિણમન થઈને જ ઉત્પન્ન થાય. જે નિશ્ચય મોક્ષમાર્ગને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની પણ અપેક્ષા નથી તે વ્યવહાર રત્નત્રયના રાગથી થાય એમ કેમ બને ?

મોક્ષનો માર્ગ પ્રગટ્યો તે પર્યાયને દ્રવ્યની પણ અપેક્ષા નથી અને વ્યવહારના કારકોની પણ અપેક્ષા નથી, એ તે ષટ્કારકના પરિણમનથી સ્વતંત્રપણે ઉત્પન્ન થઈ છે. સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું કારણ પર્યાય, પર્યાયનું સાધન પર્યાય—એવી જે સમ્યગ્દર્શનની પર્યાય છે તે પણ ત્રિકાળ પરમ સ્વભાવભાવથી ભિન્ન છે. કેમ કે જે મોક્ષમાર્ગની પર્યાય છે તે જ્યારે મોક્ષ થાય છે ત્યારે નાશ પામે છે એ એ પર્યાય તથા ત્રિકાળી દ્રવ્ય જો અભિન્ન હોય તો પર્યાયનો નાશ થતાં પારિણામિક દ્રવ્યનો નાશ થાય, પણ ધ્રુવનો કદી નાશ થતો નથી.

શુદ્ધ પારિણામિક તો ત્રિકાળ અવિનાશી છે અને જે મોક્ષનો માર્ગ છે તે જ્યારે પરમાનંદનો પૂર્ણ લાભ એવો જે મોક્ષ થાય છે ત્યારે તેનો નાશ થાય છે, તેથી મોક્ષમાર્ગની પર્યાય અને વસ્તુ જો એક હોય તો પર્યાયનો નાશ થતાં વસ્તુનો નાશ થાય. માટે મોક્ષનો માર્ગ એવી પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે.

વિદ્વેષ-રાગ-વિમોહજનિત મૃષા તણા પરિણામને
જે છોડતા મુનિરાજ, તેને સર્વદા વ્રત દ્વિતીય છે. ૫૭.

*** દ્રવ્ય-સ્વભાવ નહીં, પણ ઉપશમ આદિ વીતરાગી ભાવ મોક્ષનું કારણ ***

માટે આમ ઠર્યું કે શુદ્ધ પારિણામિકભાવ એવા ત્રિકાળી સહજાનંદ પ્રભુને અવલંબનારી જે ભાવના—ત્રિકાળી નિજાનંદ પ્રભુ તે ભાવ છે અને તેના લક્ષે—તેના અવલંબે જે નિશ્ચયમોક્ષમાર્ગનો માર્ગ પ્રગટે છે તે ભાવના છે, એની ભાવનારૂપ ઉપશમ-ક્ષયોપશમ—ક્ષાયિક ભાવો સમસ્ત રાગાદિ રહિત છે. ઉપશમાદિ ભાવો સમસ્ત રાગાદિ રહિત છે એટલે કે કોઈ પણ રાગનો અંશ મોક્ષમાર્ગ હોઈ શકે નહીં. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે મોક્ષનો માર્ગ ન હોય, તે ઉદયભાવ છે, તેથી બંધભાવ છે અને જે આ ઉપશમાદિ ભાવો છે તેઓ સમસ્ત રાગાદિ રહિત હોવાથી મોક્ષમાર્ગ છે—મોક્ષના કારણ છે. મોક્ષમાર્ગ છે તે પર્યાય છે પણ તે બિલકુલ રાગાદિ રહિત છે, ચોથા ગુણસ્થાને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-સ્વરૂપાચરણ પ્રગટ્યાં તે સમસ્ત રાગાદિ રહિત છે.

ઉપશમાદિ ભાવો સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી તેઓ મોક્ષનાં કારણ છે. દ્રવ્યાર્થિકનયનો વિષય જે વસ્તુ છે તે ત્રિકાળી શુદ્ધ ઉપાદાન છે અને ઉપશમાદિ છે તે પર્યાયનું શુદ્ધ-ઉપાદાન છે. શુદ્ધ ઉપાદાન એટલે કે જેનાથી કારણ-કાર્ય ગ્રહણ થાય એ ઉપાદાન, પર્યાય પોતે કારણ ને પર્યાય પોતે કાર્ય માટે ઉપાદાન, રાગ થાય છે તે અશુદ્ધ ઉપાદાન છે, તે કર્મને લઈને નહીં પણ પોતાની પર્યાયને લઈને થાય છે. અને આ મોક્ષનો માર્ગ વીતરાગી પર્યાય છે, તે વીતરાગી પર્યાય પોતે જ શુદ્ધ-ઉપાદાનકારણભૂત છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિષય ત્રિકાળી દ્રવ્ય છે, વર્તમાન પર્યાય ત્રિકાળીને અવલંબે છે. ધર્મની દશા રાગને અવલંબતી નથી; ધર્મની દશા રાગને તો અવલંબતી નથી, પણ પોતાની દશાને પણ અવલંબતી નથી. ધર્મની દશાનો વિષય તે પર્યાય પોતે નથી. તે પર્યાય છે તો પોતે સ્વતંત્ર, પણ તેનો વિષય પર્યાય નથી. નિયમસારમાં એમ કહ્યું કે ઉપશમાદિ ત્રણ ભાવો છે તેને પરભાવ, પરદ્રવ્ય કહીને હેય કહીએ. વ્યવહારરત્નત્રયનો રાગ તો હેય છે, પણ નિશ્ચય મોક્ષમાર્ગ એ ત્રિકાળીની અપેક્ષાએ પરભાવ છે એટલે કે પરદ્રવ્ય છે તેથી તે હેય છે. પણ અહીં તો કહે છે કે જે નિશ્ચયમોક્ષમાર્ગ છે તે સમસ્ત રાગાદિથી રહિત હોવાના લીધે શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી એટલે કે તેને કોઈ નિમિત્ત કે વ્યવહાર મોક્ષમાર્ગ કારણભૂત નથી પણ ઉપશમાદિ ભાવો મોક્ષના કારણ છે.

નગરે, અરણ્યે, ગ્રામમાં કો વસ્તુ પરની દેખીને
છોડે ગ્રહણપરિણામ જે, તે પુરુષને વ્રત તૃતીય છે. ૫૮.

## ✻ વ્યવહારરત્નત્રયનો રાગ તે વીતરાગી મોક્ષનું કારણ નથી ✻

ત્રિકાળીના આશ્રયે જે ઉપશમાદિ થાય તેઓ સમસ્ત રાગાદિ રહિત છે અને તે શુદ્ધ-ઉપાદાનકારણભૂત છે, તે મોક્ષનું કારણ છે. વ્યવહારરત્નત્રયના પરિણામ તે રાગ છે, તેને અવલંબીને મોક્ષનો માર્ગ કેમ પ્રગટે ? ત્રિકાળી પૂર્ણાનંદના પડખે ચઢતા, રાગના પડખેથી ખસતા, પ્રગટેલી વીતરાગી દશા તે શુદ્ધ-ઉપાદાનના કારણભૂત છે, તેથી તે મોક્ષનું કારણ છે, મોક્ષનું કારણ કોણ ?—કે નિત્યાનંદ પ્રભુના આશ્રયે પ્રગટેલી દશા તે મોક્ષનું કારણ છે. પરંતુ શુદ્ધ-પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. ત્રિકાળી ધ્રુવ શુદ્ધસ્વભાવ છે તે મોક્ષનું કારણ નથી, પણ મોક્ષનો માર્ગ છે તે મોક્ષનું કારણ છે, મોક્ષમાર્ગની પર્યાય છે તે કારણ છે, ત્રિકાળી ધ્રુવ મોક્ષનું કારણ નથી. મોક્ષમાર્ગની પર્યાયનો પણ જેમાં અભાવ છે એવો શુદ્ધ-પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી, પણ મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય છે તે મોક્ષનું કારણ છે.

જે આ વ્યાખ્યા ચાલે છે તે પ્રગટ મોક્ષની દશાની વાત ચાલે છે, બાકી જે શક્તિરૂપ મોક્ષ છે એ તો ત્રિકાળ છે. અબંધ પારિણામિક વસ્તુ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તો મુક્ત જ છે. શક્તિરૂપ છે એ તો શુદ્ધ-પારિણામિકભાવ છે, એ તો વિદ્યમાન છે, જે શક્તિરૂપ મોક્ષ છે તે તો ત્રિકાળ સ્વભાવભાવ છે, તે મોક્ષ કરવો છે કે તે મોક્ષ થયો છે તેમ નથી, પણ એ શક્તિરૂપ મોક્ષનો આશ્રય કરીને જે પર્યાય થાય તે વ્યક્તિરૂપ મોક્ષ છે. તે વ્યક્તિરૂપ મોક્ષ મોક્ષમાર્ગની પર્યાયથી પ્રાપ્ત થાય છે પણ દ્રવ્યથી પ્રાપ્ત થતો નથી. પર્યાય છે તે મોક્ષ પ્રગટ કરે છે, ત્રિકાળી ધ્રુવદ્રવ્ય મોક્ષને પ્રગટ કરતું નથી કે જડકર્મ મોક્ષને પ્રગટ કરતું નથી. ખરેખર તો શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનું કારણ કહ્યું એ પણ અપેક્ષિત છે. બાકી તો મોક્ષનો માર્ગ વ્યય થઈને મોક્ષની પર્યાય થાય એટલે કે કારણ જોર કરીને મોક્ષની પર્યાયને કરાવે છે એમ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગની પર્યાય પરાણે હઠ કરીને મોક્ષની પર્યાયને કરાવે છે કે તમારે થવું પડ્યે—એમ નથી.

(ક્રમશઃ) ✻

● જેણે પોતાના પર્યાયઅંશની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરી એ બીજા દ્રવ્યને પણ એ જ રીતે જોવે છે, એટલે કે અન્ય પદાર્થોને પણ તેની પર્યાયથી જોતા નથી, તેને પણ દ્રવ્યથી જ વસ્તુપણે જ અખંડ દેખે છે. (પરમાગમસાર-૨૦૯)

સ્ત્રીરૂપ દેખી સ્ત્રી પ્રતિ અભિલાષભાવનિવૃત્તિ જે,
વા મિથુનસંજ્ઞારહિત જે પરિણામ તે વ્રત તુર્ય છે. ૫૯.

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૩, ગાથા - ૨૮)

## ભેદવિજ્ઞાનનો મહાપ્રતાપ

સંસાર આત્માથી બહાર નથી, આત્માનો જ દોષ છે. સંસાર એ જીવની વિપરીત બુદ્ધિ છે—આ વિપરીત શ્રદ્ધા આત્માની જ પર્યાયમાં છે, ક્યાંય દૂર નથી. તેથી સ્ત્રી, પુત્ર, પરિવાર, ઘર આદિ છોડવાથી સંસાર છૂટતો નથી પણ પોતાના સ્વભાવની શ્રદ્ધા કરીને શરીરાદિ પરપદાર્થોમાં મારાપણું છોડવાથી સંસાર છૂટે છે. મિથ્યાદર્શન છૂટ્યા વિના કદી મુક્તિ થતી નથી.

શરીર, વાણી, મન, સ્ત્રી, પુત્ર આદિનું અસ્તિત્વ તેના પોતામાં છે. એક સમય પણ તેનું અસ્તિત્વ મારારૂપે થતું નથી. તેનું કાર્ય તેનામાં પોતાથી થાય છે. મારું અસ્તિત્વ મારામાં છે. મારા જ્ઞાનાદિ શરીર-વાણી મનની સહાયથી કામ કરે છે એમ પણ નથી.

જગતમાં દરેકનું અસ્તિત્વ છે, જીવનું અસ્તિત્વ છે, શરીર-વાણી જડનું અસ્તિત્વ છે અને તેમાં મારાપણાની બુદ્ધિરૂપ જીવની વિપરીત માન્યતાનું પણ અસ્તિત્વ છે. નથી એમ નથી. પણ એકનું અસ્તિત્વ બીજામાં નથી. એમ જાણીને નિજ અસ્તિત્વમાં દૃષ્ટિ કરે તો જ સાચી શ્રદ્ધા થાય—સ્વ-પરનું ભેદજ્ઞાન થાય.

''ભેદજ્ઞાન તે જ્ઞાન છે બાકી બૂરો અજ્ઞાન.'' આત્મા, વિકાર અને શરીર, વાણી, મન આદિ પરદ્રવ્ય બધા છે ખરા પણ તેમાં મારી હયાતી નથી. મારી હયાતી-અસ્તિત્વ એક મારા આત્મા સિવાય બીજે ક્યાંય નથી. આમ પરમાંથી એકત્વબુદ્ધિ છોડી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો તે મુક્તિનો ઉપાય છે.

તેથી જ સમયસારમાં ભગવાન અમૃતચંદ્રાચાર્યદેવ દાંડી પીટી પીટીને કહે છે કે 'ભેદવિજ્ઞાનતઃ સિદ્ધા, સિદ્ધા યે કિલ કેચન, તસ્યૈવ અભાવતો બદ્ધા બદ્ધા યે કિલ કેચન.' અનંતકાળના પ્રવાહમાં અનંત સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી જ થયા છે અને જે કોઈ બંધાયા છે તે ભેદજ્ઞાનના અભાવથી જ બંધાયા છે. પોતાના સ્વભાવથી ભિન્ન એવા દેહ, વાણી, મન અને રાગાદિ વિકલ્પથી લક્ષ હટાવી પોતાના સ્વભાવમાં લક્ષ કરવું તે મિથ્યાદર્શનની મુક્તિનો ઉપાય છે. સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધી બધી

નિરપેક્ષ ભાવન સહિત સર્વ પરિગ્રહોનો ત્યાગ જે,
તે જાણવું વ્રત પાંચમું ચારિત્રભર વહનારને. ૬૦.

નિર્મળદશાની પ્રાપ્તિ એકમાત્ર ભેદવિજ્ઞાનથી જ થાય છે.

મુનિરાજે બહુ ટૂંકામાં સંસાર અને મોક્ષનું કારણ બતાવી દીધું છે. ૨૧મી ગાથાથી આ મુદ્દાની વાત ચાલી આવે છે. ૨૧મી ગાથામાં કહ્યું કે આત્મા લોકાલોકનો જાણનારો છે, તેમાં લોકાલોક છે અને આત્મા છે, બંને પોતપોતાના અસ્તિત્વથી છે, એ વાત આવી ગઈ. આત્મા શરીરપ્રમાણ છે એમ કહ્યું તેમાં આત્મા લોકવ્યાપક છે એ વાતનો નિષેધ આવી ગયો. ધ્યાનમાં આત્મા પોતાના શરીરપ્રમાણ સ્વક્ષેત્રમાં એકાગ્ર થાય છે, લોકપ્રમાણ ક્ષેત્રમાં નહિ. વળી કહ્યું આત્મા નિત્ય છે, અનંત સૌખ્યવાન છે. અનંત આનંદમય, નિત્ય, લોકાલોકને જાણનારો હું એક આત્મા છું. આવા નિજ આત્માને હું મારા સ્વસંવેદનથી અનુભવી શકું છું તેમાં મને કોઈ પરદ્રવ્યની સહાયની જરૂર નથી.

એક એક આત્મા સર્વજ્ઞ શક્તિનો ધરનાર છે અને દરેક આત્મા આનંદથી યુક્ત છે. શરીરપ્રમાણ નાના ક્ષેત્રવાળો હોવા છતાં ભાવથી અનંત શક્તિવાન છે અને પર્યાયે પલટતો હોવા છતાં દ્રવ્યે કાયમ ટકવાવાળો છે.

અનાદિકાળથી જીવ પોતાના સ્વભાવના સ્વસંવેદનને બદલે વિકારનું વેદન કરતો આવ્યો છે. શરીર, વાણી, સ્ત્રી, ભોજન આદિ પરદ્રવ્યનું વેદન તો આત્મા ક્યારેય કરતો જ નથી, પણ તેના લક્ષે થતાં પુણ્ય-પાપના રાગનું-વિકારનું વેદન આત્મા કરે છે. તે વેદન જ દુઃખ અને સંસાર છે અને હું વિકારથી રહિત જ્ઞાનાનંદસ્વભાવી છું એવા શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક પર્યાયમાં આનંદનું વેદન થવું—સ્વસંવેદન થવું તેનું નામ મોક્ષમાર્ગ છે.

પરની મમતાથી આત્મા દુઃખના સમૂહને પામે છે. પરના સંયોગથી આત્માને દુઃખનો અનુભવ થાય એમ કદી બનતું નથી. દુઃખ છે અને તેનું વેદન છે, તેનું નામ સંસાર છે. જગતમાં ક્યાંય દુઃખ જ નથી એમ કોઈ માનતું હોય તો તે મિથ્યા છે. દુઃખ ન હોય તો તે દુઃખના નાશનો ઉપાય પણ રહેતો નથી. માટે દુઃખ પણ છે અને તેના નાશનો સાચો ઉપાય પણ છે. અનાદિકાળથી પરસંગ કરવાથી અજ્ઞાની જીવને દુઃખ છે અને તે પરસંગ (અભિપ્રાયમાંથી) છોડીને પોતાના સ્વભાવનો આશ્રય કરવો તે દુઃખના નાશનો ઉપાય છે. માટે હું મન-વચન-કાયાથી સર્વ સંગ છોડી મારા સ્વભાવનો આશ્રય લઉં છું.

(ક્રમશઃ) ❊

અવલોકી માર્ગ ધુરાપ્રમાણ કરે ગમન મુનિરાજ જે<br>
દિવસે જ પ્રાસુક માર્ગમાં, ઈર્યાસમિતિ તેહને. ૬૧.



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## ધન્ય છે તેમને...જેઓ સ્વાનુભવની ચર્ચા કરે છે
## ચૈતન્યસ્વભાવના શ્રવણમાં મુમુક્ષુનો ઉલ્લાસ

‘‘બીજું, તમારો એક પત્ર ભાઈશ્રી રામસિંહજી ભુવાનીદાસજીને આવ્યો હતો, તેના સમાચાર જહાનાબાદથી અન્ય સ્વધર્મીઓએ લખ્યા હતા. ભાઈશ્રી, આવા પ્રશ્ન તમારા જેવા જ લખે. આ વર્તમાનકાળમાં અધ્યાત્મરસના રસિક જીવો બહુ જ થોડા છે. ધન્ય છે તેમને, જેઓ સ્વાનુભવની વાર્તા પણ કરે છે.’’

જુઓ, આવી અધ્યાત્મરસની ચર્ચા કરનારા જીવો તે વખતે પણ વિરલ હતા. સ્વાનુભવની ને સમ્યગ્દર્શનની ચર્ચા કરનારા જીવો ૨૦૦ વર્ષ પહેલાં પણ વિરલા હતા, ને ત્રણે કાળે અધ્યાત્મના રસિક જીવો જગતમાં થોડા જ હોય છે. એટલે અધ્યાત્મચર્ચાના પ્રમોદપૂર્વક પંડિતજી લખે છે કે ભાઈશ્રી, આવા પ્રશ્ન તમારા જેવા જ લખે. અધ્યાત્મરસના રસિક જીવો બહુ જ થોડા છે. જેઓ સ્વાનુભવની આવી ચર્ચા કરે છે તેમને પણ ધન્ય છે! વાહ! જુઓ આ સ્વાનુભવના રસનો મહિમા! જેને વિકારનો રસ છૂટીને અધ્યાત્મનો રસની રુચિ થઈ તે જીવો ભાગ્યશાળી છે; सिद्धसमान सदा पद मेरो એવી અંતર્દૃષ્ટિ અને એના સ્વાનુભવની ભાવના કરનારા જીવો ખરેખર ધન્ય છે. એ વાતનો આધાર આપતાં પત્રમાં લખે છે કે—

तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम् ।।२३।।

અધ્યાત્મરસની પ્રીતિ કહો કે ચૈતન્યસ્વભાવની પ્રીતિ કહો, તેનો મહિમા અને ફળ બતાવતાં વનવાસી દિગંબર સંત શ્રી પદ્મનંદીસ્વામી પદ્મનંદી પચ્ચીસીમાં કહે છે કે આ ચૈતન્યસ્વરૂપ આત્મા પ્રત્યે પ્રીતિચિત્તપૂર્વક—ઉત્સાહથી તેની વાર્તા પણ જેણે સાંભળી છે તે ભવ્ય જીવ ચોક્કસ ભાવિનિર્વાણનું ભાજન થાય છે, એટલે કે અલ્પકાળમાં તો તે અવશ્ય મોક્ષ પામે છે. ચૈતન્યના સાક્ષાત્ સ્વાનુભવની તો વાત જ શી! પણ અંતરમાં

નિજસ્તવન, પરનિંદા, પિશુનતા, હાસ્ય, કર્કશ વચનને
છોડી સ્વપરહિત જે વદે, ભાષાસમિતિ તેહને. ૬૨.

તેના તરફનો પ્રેમ જાગ્યો એટલે રાગાદિનો પ્રેમ તૂટ્યો તે જીવ પણ જરૂર મોક્ષ પામશે. શાસ્ત્રકારે એક ખાસ શરત મૂકી છે કે 'ચૈતન્ય પ્રત્યેના પ્રેમથી' તેની વાત સાંભળે; એટલે જેના અંતરમાં ઊંડે ઊંડે પણ રાગનો પ્રેમ હોય, રાગથી લાભ થશે—એવી બુદ્ધિ હોય તેને ચૈતન્યનો ખરો પ્રેમ નથી પણ રાગનો પ્રેમ છે, તેને ચૈતન્યસ્વભાવ પ્રત્યે ઊંડેથી ખરો ઉલ્લાસ ન આવે. અહીં તો સવળાની વાત છે. રાગનો પ્રેમ ને શરીર—કુટુંબનો પ્રેમ તો અનાદિથી જીવ કરતો જ આવ્યો છે, પણ હવે તે પ્રેમ તોડીને ચૈતન્યનો પ્રેમ જેણે જગાડ્યો, વીતરાગી સ્વભાવરસનો રંગ જેણે લગાડ્યો તે જીવ ધન્ય છે...તે નિકટ મોક્ષગામી છે. ચૈતન્યની વાત સાંભળતાં અંદરથી રોમરાય ઉલ્લસી જાય...અસંખ્યપ્રદેશ ચમકી ઊઠે કે વાહ! મારા આત્માની આ કોઈ અપૂર્વ નવી વાત મને સાંભળવા મળી...કદી નહોતું સાંભળ્યું એવું ચૈતન્યતત્ત્વ આજ મારા સાંભળવામાં આવ્યું; પુણ્ય અને પાપથી જુદી જ કોઈ આ વાત છે.—આમ અંતર્ સ્વભાવનો ઉત્સાહ લાવીને અને બહિર્ભાવોનો (પુણ્ય—પાપ વગેરે પરભાવોનો) ઉત્સાહ છોડીને એક વાર જેણે સ્વભાવનું શ્રવણ કર્યું તેનો બેડો પાર! શ્રવણ તો નિમિત્ત છે પણ તેના ભાવમાં આંતરો પડી ગયો, સ્વભાવ અને પરભાવ વચ્ચે જરાક તિરાડ પડી ગઈ—તે હવે બંનેને જુદા અનુભવ્યે છૂટકો. 'હું જ્ઞાયક ચિદાનંદઘન છું, એક સમયમાં પરિપૂર્ણ શક્તિથી ભરેલો જ્ઞાન ને આનંદનો સાગર છું' આવી અધ્યાત્મની વાત સંભળાવનારા સંત—ગુરુ પણ મહા ભાગ્યથી મળે છે, ને એવી વાત સાંભળવા મળી ત્યારે પ્રસન્નચિત્તથી, એટલે કે એના સિવાય બીજા બધાયની પ્રીતિ એક વાર છોડીને અને એની જ પ્રીતિ કરીને, 'મારે તો આ જ સમજવું છે, આનો જ અનુભવ કરવો છે' એવી ઊંડી ઉત્કંઠા જગાડીને, ઉપયોગને જરાક તે તરફ થંભાવીને, જે જીવે સાંભળ્યું તે જીવ જરૂર તેની પ્રીતિ આગળ વધારીને સ્વાનુભવ કરશે, અને મુક્તિ પામશે. માટે કહ્યું કે ધન્ય છે તેમને કે જેઓ અધ્યાત્મરસના રસિક થઈને આવી સ્વાનુભવની ચર્ચા કરે છે.

પ્રશ્ન :—જીવ અનંત વાર ત્યાગી થયો ને ભગવાનના સમવસરણમાં ગયો, તો શું તેણે શુદ્ધાત્માની વાત નહિ સાંભળી હોય?

ઉત્તર :—જુઓ, અહીં 'પ્રસન્ન ચિત્તથી' સાંભળવાનું કહ્યું છે એટલે એમ ને એમ સાંભળી લ્યે તેની વાત નથી, પણ અંતરમાં ચૈતન્યનો ઉલ્લાસ લાવીને સાંભળે તેની વાત છે. શું સાંભળે?—કે ચૈતન્યસ્વરૂપ આત્માની વાર્તા સાંભળે. કેવી રીતે સાંભળે?

**અનુમનન-કૃત-કારિતવિહીન, પ્રશસ્ત, પ્રાસુક અશનને**
**–પરદત્તને મુનિ જે ગ્રહે, એષણસમિતિ તેહને. ૬૩.**

કે ઉલ્લાસથી સાંભળે; રાગના ઉલ્લાસથી નહિ પણ ચૈતન્યના ઉલ્લાસથી સાંભળે. પુણ્ય–પાપ કે બહારની ક્રિયા તે ચૈતન્યનું સ્વરૂપ નથી, ચૈતન્યસ્વરૂપ તે બધાથી જુદું છે; પરદ્રવ્ય–પરક્ષેત્ર–પરકાળ ને પરભાવથી રહિત સદાય પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ને ભાવથી પરિપૂર્ણ આત્મસ્વરૂપ છે.—એની વાત સાંભળતાં પ્રમોદ આવે, તેને જ અહીં શ્રવણ કહ્યું છે. આવા શ્રવણ વડે શુદ્ધાત્મા લક્ષગત કર્યો, –તે અપૂર્વ છે. બાકી ભગવાનની સભામાં બેઠો બેઠો ભલે શુદ્ધાત્માની વાત સાંભળતો હોય પણ અંદરમાં જો રાગનો પક્ષ (રાગના આશ્રયથી લાભબુદ્ધિ) સેવતો હોય, વ્યવહારના શુભરાગની વાત આવે ત્યાં અંદરમાં એમ પક્ષ થઈ જતો હોય કે 'જો...આ અમારી વાત આવી!'—તો આચાર્યદેવ કહે છે કે તે જીવે શુદ્ધાત્માની વાત પ્રીતિથી સાંભળી નથી. જીવને શુદ્ધનયનો પક્ષ પણ પૂર્વે કદી આવ્યો નથી–એમ સમયસારમાં કહ્યું છે, શુદ્ધનયનો પક્ષ કહો કે ચૈતન્યની પ્રીતિ કહો, શુદ્ધાત્માનો ઉલ્લાસ કહો, તે એક જ અર્થમાં છે. દ્રવ્યલિંગી જૈન સાધુ થઈને પણ જે મિથ્યાદૃષ્ટિ રહી ગયો તેનું કારણ એ કે તેને અંતરમાંથી ચૈતન્યનો ઉલ્લાસ ન આવ્યો પણ ઊંડે ઊંડે સૂક્ષ્મ વિકારનો જ ઉલ્લાસ રહી ગયો. રાગથી ધર્મ થશે—એમ સીધું તો તે ન કહે, પણ અંતરના અભિપ્રાયના ઊંડાણમાં તેને વિકારનો રસ રહી જાય છે. શુદ્ધ ચૈતન્યનું લક્ષ કરે તો જ તેનો સાચો પક્ષ કર્યો કહેવાય. (ક્રમશઃ)

❊

(અનુસંધાન પેજ નં. ૨૦ થી ચાલુ) (છઢાળા પ્રવચન)

આત્માના શુદ્ધ સ્વરૂપને ક્યાંથી જાણે? રાગી-દ્વેષી જીવ પોતે પોતાના ભવનો અંત કરી શકતા નથી, તો તેમની ઉપાસનાથી બીજા જીવો ક્યાંથી તરે? રાગી-અજ્ઞાનીને ભજતાં તો રાગનું પોષણ થાય. 'દેવ' એટલે ઈષ્ટ પદને પામેલા ભગવાન; ઈષ્ટ પદ તો વીતરાગતા અને સર્વજ્ઞતા છે, કેમકે જીવોને સુખ ઈષ્ટ છે ને પૂર્ણસુખ તો વીતરાગતા ને સર્વજ્ઞતામાં જ હોય; માટે સર્વજ્ઞ–વીતરાગ સિવાય બીજો કોઈ ઈષ્ટદેવ નથી. અહા, સર્વજ્ઞ-વીતરાગ દેવ, જેમણે દિવ્યધ્વનિમાં પણ ઈચ્છા વગર સર્વજ્ઞસ્વભાવ અને વીતરાગી મોક્ષમાર્ગ બતાવ્યો,—એમના સિવાય રાગી–દ્વેષી કે કુભેષધારીને જે પૂજે તે તો મોટો મૂર્ખ છે, મિથ્યાત્વની પુષ્ટિથી અનંતકાળ તે ભવભ્રમણમાં રખડશે ને દુઃખી થશે. માટે દુઃખનો જેને ડર હોય ને સુખને જે ચાહતા હોય તેઓ કુદેવનું સેવન છોડીને, સર્વજ્ઞ વીતરાગ દેવને ઓળખો. (ક્રમશઃ) ❊

**શાસ્ત્રાદિ ગ્રહતાં–મૂકતાં મુનિના પ્રયત પરિણામને**
**આદાનનિક્ષેપણ સમિતિ કહેલ છે આગમ વિષે. ૬૪.**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

## ✽ જ્ઞેય અધિકાર ✽

જગતમાં કોઈ જ્ઞેયો સચેતન છે ને કોઈ જ્ઞેયો અચેતન છે. જગતમાં જીવ જ છે ને અજીવ છે જ નહિ—એમ માને તો તેનું જ્ઞાન ખોટું છે. અનંતા અચેતન પદાર્થો પણ જગતમાં છે ને અનંતા ચેતન દ્રવ્યો પણ છે. એ બંને પ્રકારના પદાર્થો તે જ્ઞાનનાં જ્ઞેયો છે. વળી જીવ અને અજીવમાં કર્તૃત્વ છે. તે તેનો ધર્મ છે. જીવ કે જડ પોતપોતાના કર્તૃત્વપણે પરિણમે છે—એવું જ્ઞાનનું જ્ઞેય છે, પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે—એવું જ્ઞાનનું જ્ઞેય નથી. રાગાદિભાવે પરિણમે છે. તેમાં જીવનું કર્તૃત્વ છે—એમ માનવાનું મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે. ત્યાં એમ બતાવવું છે કે તે જીવનું કર્તૃત્વ છે, તે રાગાદિ કાંઈ જડનું કર્તૃત્વ નથી. આમ ભિન્ન-ભિન્ન કર્તૃત્વ જાણીને સમ્યગ્જ્ઞાન વડે પરથી ભિન્ન આત્માનો અનુભવ કરવો તે ધર્મ છે.

આ જ્ઞેય અધિકાર છે. જ્ઞેયોના સ્વરૂપનું વર્ણન ચાલે છે.

આત્મામાં અને બધાં દ્રવ્યોમાં કર્તૃત્વ નામનો ગુણ છે એટલે દરેક દ્રવ્ય પોતપોતાના કાર્યને કરે એવો તેનો સ્વભાવ છે, તે જ્ઞાનનું જ્ઞેય છે. પર દ્રવ્યને છોડે કે લ્યે—તેવો ગુણ આત્મામાં નથી. ચરણાનુયોગમાં નિમિત્તથી કથન આવે. પણ તેથી કાંઈ ચરણાનુયોગમાં આત્મા પરનાં ગ્રહણ-ત્યાગ કરી શકે છે એમ કહ્યું નથી. આધાકર્મી આહાર હો કે ઉદ્દેશિક આહાર હો—તે આહારનું છૂટવું તે તો જડની ક્રિયા છે. તે વખતે મુનિને તે આહારના ત્યાગની વૃત્તિ ઊઠે, ત્યાં મુનિએ સદોષ આહાર છોડ્યો એમ ઉપચારથી કહેવાય છે, પણ જડનું કર્તૃત્વ જડમાં છે ને આત્માનું કર્તૃત્વ આત્મામાં જ છે. આહાર છૂટવો તે જડની ક્રિયા છે. તેને બદલે આહાર છોડવાની ક્રિયા મેં કરી એમ જે માને તેને મુનિપણું હોય નહિ ને સમ્યગ્જ્ઞાન પણ ન હોય. મુનિને સદોષ આહારના ગ્રહણની વૃત્તિ જ ન આવે. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ જાણવું તે સમ્યગ્જ્ઞાન છે.

બે પદાર્થો જુદા છે તો તેનું કર્તૃત્વ પણ જુદું છે. બે પદાર્થની એક ક્રિયા હોતી

જે ભૂમિ પ્રાસુક, ગૂઢ ને ઉપરોધ જ્યાં પરનો નહીં,
મળત્યાગ ત્યાં કરનારને સમિતિ પ્રતિષ્ઠાપન તણી. ૬૫.

નથી ને એક પદાર્થની બે ક્રિયા હોતી નથી. ''હું જ્ઞાયક છું'' એ વાત અંતરમાં બેઠા પછી, અલ્પરાગ થાય તેને ધર્મી જાણે છે કે આટલું મારી પર્યાયનું કર્તૃત્વ છે આ રાગ થાય છે તે મારું પરિણમન છે. પરને કારણે રાગ થતો નથી. સર્વ દ્રવ્યોનું પરિણમન સ્વતંત્ર છે, જ્ઞાતા તેનો જાણનાર છે. સર્વ દ્રવ્યોને નિજ નિજ પરિણામનું કર્તૃત્વ છે ને પરનું અકર્તૃત્વ છે, આમ જ્ઞાન જ્ઞેયોનું જાણે છે. હું મારા પરિણામનો કર્તા, ને અનંત પરદ્રવ્યોના પરિણામનો અકર્તા છું. મારામાં પરનું અકર્તૃત્વ છે, પરદ્રવ્ય મારા પરિણામને કરતું નથી ને હું પરદ્રવ્યના પરિણામને કરતો નથી. એમ એક દ્રવ્યનું બીજા દ્રવ્યમાં અકર્તૃત્વ છે.

પુદ્ગલનો કર્તા જીવ નથી તેમ જ એક પુદ્ગલનો કર્તા બીજું પુદ્ગલ નથી, દરેક દ્રવ્યનું કર્તૃત્વ પોતપોતામાં છે, પરમાં તો અકર્તૃત્વ છે.

વળી ભોક્તૃત્વ એટલે દરેક દ્રવ્ય પોતપોતાના પરિણામનું ભોક્તા છે, રાગાદિ પરિણામ કરે તેને આત્મા પોતે ભોગવે છે. પણ જડકર્મને આત્મા ભોગવતો નથી. વ્યવહારથી આત્મા આહારને ખાઈ શકે છે—તેમ પણ નથી. કોઈ કહે કે 'જો આત્મા ન ખાતો હોય તો શું મડદું ખાય છે? અરે ભાઈ! ખાવું એનો અર્થ શો? તે પુદ્ગલની ક્રિયા છે. જડ પદાર્થોને આત્મા ખાતો નથી. આત્માએ ખાધું—એમ વ્યવહારે કથન કરવામાં આવે છે પણ કાંઈ આત્મા વ્યવહારથી તે જડને ખાય છે—એમ નથી.

હજી તો આહારને આત્મા ખાય ને જડને આત્મા ભોગવે એમ જે માને છે તેને સમ્યગ્દર્શન પણ નથી, તો તેને વ્રતાદિ શેનાં હોય? ન જ હોય. જડનો ભોક્તા જડ છે, એટલે કે તેની એક પર્યાયનો વ્યય થઈને નવી પર્યાય થાય છે. આત્મા પોતાના રાગાદિ પરિણામને ભોગવે છે, પણ જડનો ભોક્તા આત્મા નથી. જડ કર્મનો ભોક્તા પણ આત્મા નથી. કર્મનો વિપાક કર્મમાં છે, આત્મામાં કર્મનો વિપાક નથી. 'विपाको अनुभवः' એમ કહ્યું છે ત્યાં આત્મા કર્મના વિપાકનો અનુભવ કરે છે—એમ નિમિત્તથી કહ્યું છે, પણ ત્યાં ખરેખર આત્મા તે નિમિત્ત તરફ વલણવાળા પોતાના ભાવકર્મનો અનુભવ કરે છે. જડકર્મનો વિપાક તો નિમિત્ત છે, તેથી નિમિત્ત તરીકે કર્મના વિપાકનો અનુભવ કહેવાય છે, પણ ખરેખર આત્મા પરદ્રવ્યને કરે કે ભોગવે—તે માન્યતા મૂઢ જીવોનો વ્યવહાર છે.

યથાર્થ વસ્તુસ્વરૂપ આવું છે કે કોઈ દ્રવ્ય કોઈનું ભોક્તા નથી. આવું જ્ઞેય છે, તેવું યથાર્થ જ્ઞાન કરવું તે અનુભવનું કારણ છે. જગતમાં જેટલાં નામો છે તે કોઈ ને કોઈ

કાલુષ્ય, સંજ્ઞા, મોહ, રાગ, દ્વેષ આદિ અશુભના
પરિહારને મનગુપ્તિ છે ભાખેલ નય વ્યવહારમાં. ૬૬.

પદાર્થને બતાવે છે, એટલે તે જ્ઞેય છે. વળી ઉપલક્ષણ તે પણ જ્ઞાનનું જ્ઞેય છે. ''ધ્યાન રાખજે! બિલાડી દૂધ ન પી જાય.''—એમ કહ્યું ત્યાં બિલાડી કહેતાં ઉપલક્ષણથી કૂતરા વગેરે પણ આવી ગયા. વળી કાળ અને સ્થિતિ તે પણ જ્ઞાનનાં જ્ઞેયો છે, કાળ પણ પદાર્થ છે, તે જ્ઞાનનું જ્ઞેય છે, તેને ન માને તો જ્ઞાનસ્વભાવની ખબર નથી. વળી સંસ્થાન એટલે કે આકાર, દરેક પદાર્થને પોતપોતાનો આકાર હોય છે. તે પણ જ્ઞાનનું જ્ઞેય છે. મૂળ વસ્તુનું યથાર્થ જ્ઞાન થયા વિના સમ્યગ્જ્ઞાન થાય નહિ. નવ તત્ત્વ શું? જીવ-અજીવ શું? દેવ-ગુરુ-શાસ્ત્ર શું? તે બધું જાણવું જોઈએ. વિપરીતતા રહિત નિર્ણય કરીને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે અને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને છોડે, ત્યારે ગૃહીત મિથ્યાત્વ છૂટે. જે તત્ત્વનું જેવું સ્વરૂપ હોય તે પ્રમાણે જાણવું જોઈએ. વળી પદાર્થનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પણ જાણવાં જોઈએ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ તે ચારે પ્રકારો જ્ઞાતાનું જ્ઞેય છે.

સંજ્ઞા એટલે પદાર્થનું નામ, તથા તેની સંખ્યા, તેનું લક્ષણ અને તેનું પ્રયોજન તે બધાંને પણ જાણવાં જોઈએ.

વસ્તુનો તત્સ્વભાવ છે એટલે દરેક પદાર્થ પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી તત્સ્વરૂપે છે. અને પરદ્રવ્યથી તે અતત્વસ્વરૂપે છે. એવું વસ્તુસ્વરૂપ તે જ્ઞાનનું જ્ઞેય છે.

વળી પદાર્થ સ્વથી અસ્તિરૂપ છે, પરથી નાસ્તિરૂપ છે, ઈત્યાદિ સપ્તભંગ છે તે જાણવા એમ સામાન્ય ગુણોથી સિદ્ધિ છે.

પદાર્થ સત્તાસ્વરૂપ છે. સત્તાના મહાસત્તા અને અવાંતરસત્તા એવા બે ભેદ છે. મહાસત્તા એટલે બધું છે. આમ કેમ?—એવું જ્ઞેયમાં નથી. જેમ છે તેમ છે, એ રીતે મહાસત્તારૂપે જ્ઞેયને જાણવાની તાકાત જ્ઞાનની છે. અવાંતરસત્તા એટલે સ્વરૂપસત્તા, વિશેષસત્તા, પેટાભેદરૂપસત્તા, મહાસત્તા—તે મહાસત્તારૂપ છે ને અવાંતર સત્તારૂપે નથી. તે અપેક્ષાએ સત્વ-અસત્વરૂપ સત્તા છે.

ત્રિલક્ષણ=દરેક પદાર્થમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે, તે મહાસત્તા અપેક્ષાએ છે. સર્વવિશ્વની સત્તા તેમાં સમાઈ જાય છે.

અત્રિલક્ષણ=પેટાભેદ અપેક્ષાએ એકેક લક્ષણવાળી છે. સર્વ દ્રવ્યની ઉત્પાદસત્તા જોઈએ તો સર્વ ઉત્પાદ લક્ષણવાળાં છે. સર્વ દ્રવ્યની વ્યયસત્તા જોઈએ તો સર્વ વ્યયલક્ષણવાળાં છે. આમાં વીતરાગતા જ આવે છે. (ક્રમશઃ) ❊

**સ્ત્રી-રાજ-ભોજન-ચોરકથની હેતુ છે જે પાપની**<br>
**તસુ ત્યાગ, વા અલીકાદિનો જે ત્યાગ, ગુપ્તિ વચનની. ૬૭.**



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)
(પ્રવચન પહેલું)

## તત્ત્વનિર્ણયની દુર્લભતા

હવે કોઈ કહે કે ચારિત્ર એટલે શું? તો તેને કહે છે કે ચારિત્ર બહારમાં નથી; ઉપકરણ કે વસ્ત્રમાં ચારિત્ર નથી; પણ આત્મા અનંત ગુણનો પીંડ છે તેનું જ્ઞાન કરીને તેમાં થંભી જવું તે જ ચારિત્ર છે. તે ચારિત્ર તો મુનિપણામાં હોય છે. પ્રથમ અતિચાર રહિત આત્માની શ્રદ્ધા કર્યા પછી જ સ્વરૂપ રમણતારૂપ ચારિત્ર થાય છે. આત્મા અનંત નિર્મળ ગુણનો પીંડ છે તેની શ્રદ્ધા અને એકાગ્રતાના જોરે ક્ષણિક વિકારનો નાશ થાય છે; પણ વિકાર મારો છે એવી વિકારની શ્રદ્ધાથી વિકારનો નાશ થાય નહીં. વિકારનો નાશ કરવા માટે જોર ક્યાંથી આવશે? તે જોર પરવસ્તુમાંથી નહિ આવે, વિકારમાંથી નહિ આવે, નિર્મળ અવસ્થામાંથી પણ તે જોર નહિ આવે, પણ દર્શન, જ્ઞાન, આનંદ વગેરે અનંત ગુણોથી અભેદસ્વરૂપ વસ્તુ છે (જેમાં પર નહિ, અને વર્તમાન અવસ્થા જેટલી પણ નહીં એવી વસ્તુ) તેમાંથી જોર આવે છે. એ વસ્તુની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનમાં એવું શું છે કે પહેલાં જ તેની વાત કરી? તેનું કારણ એ છે કે સમ્યગ્દર્શનનો વિષય આખી વસ્તુ છે, ને તે વસ્તુના જોરે જ ચારિત્ર પ્રગટે છે. શુદ્ધ નિર્મળ સ્વરૂપની શ્રદ્ધાના જોરે ચારિત્ર પ્રગટે છે અને રાગ-દ્વેષનો નાશ થાય છે; માટે પહેલાં સમ્યગ્દર્શનની વાત કરી છે.

પ્રથમ સમ્યગ્દર્શન થતાં તથા ચારે અનુયોગ દ્વારા મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત રકમનું યથાર્થ જ્ઞાન થતાં ચારિત્ર ગુણ પ્રગટે છે. ચાર અનુયોગ ક્યા ક્યા છે તે કહે છે :—(૧) દ્રવ્યાનુયોગ—તેમાં આત્મ-વસ્તુની વ્યાખ્યા મુખ્યપણે હોય છે, (૨) ચરણાનુયોગ—તેમાં રાગ ઘટાડવા અને પરિણામ સુધારવા માટે નિમિત્તની પ્રધાનતાથી કથન હોય છે, (૩) કરણાનુયોગ—તેમાં પરિણામોની સૂક્ષ્મ વાત ગણિત અનુસાર હોય છે અને (૪) કથાનુયોગ—તેમાં મહાન પુરુષોના પવિત્ર આચરણની વ્યાખ્યા હોય છે. એ ચારે અનુયોગ દ્વારા મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત રકમનું સંશય, વિપર્યય, અનધ્યવસાયાદિ રહિત યથાર્થ જ્ઞાન થતાં યથાર્થ ચારિત્ર થાય છે. પ્રયોજનભૂત રકમ એટલે કે મુદ્દાની

વધ, બંધ ને છેદનમયી, વિસ્તરણ-સંકોચનમયી
ઇત્યાદિ કાયક્રિયા તણી નિવૃત્તિ તનગુપ્તિ કહી. ૬૮.

રકમ ન સમજે અને બીજું બધું કરે તો તે યથાર્થ જ્ઞાન નથી. પ્રયોજનભૂત રકમ ન કબૂલે પણ બીજું કબૂલે એ ઉપર એક કાઠી આપાનું દૃષ્ટાંત :—

કોઈ એક વાણિયાની દુકાનેથી કોઈ કાઠીએ ૫૦૦—૭૦૦ રૂપિયાનો માલ તથા રોકડા ઉપાડ્યા હતા, પછી લાંબે ટાઈમે નામાનો હિસાબ મેળવવા બેઠા. વાણિયો એક પછી એક રકમ બોલવા માંડ્યો કે આપા! (કાઠીને 'આપા' એવું સંબોધન કરવામાં આવે છે) આ બે શ્રીફળના ચાર આના, બરાબર? તો આપો કહે 'હા બરાબર.' એ રીતે પા શેર મરચાં, સવા શેર તેલ, અઢી શેર ચોખા વગેરે પરચુરણ રકમો કબૂલી; પછી જ્યાં મોટી રકમ આવી કે રૂા. ૨૫ રોકડા લીધા છે, ત્યાં આપો કહે 'હેં...! ગોલીનો જાણે છે જ કોણ? મેં તો લીધા નથી.' આપાએ નાની નાની રકમ કબૂલી અને મૂળ રકમ ઉડાડી. વાણિયો સમજી ગયો કે ગજબ થઈ! આણે મૂળ રકમ ઉડાડી, હવે આને ચોપડામાંથી કાઢવો શી રીતે? વળી આગળ મેળવવા માંડ્યું, તેમાં પા શેર હળદર વગેરે નાની નાની પાંચ-સાત રકમ સ્વીકારી, પણ જ્યાં મોટી રકમ આવી કે રૂા. ૫૧ રોકડા, ત્યારે આપો કહે કે અરે ભાઈ! હું તો એ જાણતો જ નથી. એમ મૂળ રકમ ઉડાડી ને બીજી બધી કબૂલ કરી. તેણે મૂળ રકમ કબૂલ કરી હોત અને નાની નાની બે-ચાર રકમ ઉડાડી હોત તો એટલું નફામાં સમાઈ જાત, પણ આ મૂળ રકમ જ ઉડાડી તેનો મેળ ક્યાં ખાય? એ તો આપો ખૂટ્યો. તેમ શાસ્ત્રોમાં બીજાની ભક્તિ કરવાની, દયા પાળવાની એવી એવી વાત આવે ત્યાં કબૂલ કરે કે હા મા'રાજ! ભક્તિ વગેરે કરીએ તો ધર્મ થાય. પણ એલા! 'ધર્મ થાય' એમ કોણે કીધું? ભક્તિથી ધર્મની વાત કોણે કરી? પરની દયા કે ભક્તિથી ત્રણકાળ ત્રણલોકમાં ધર્મ થતો નથી. પરંતુ એવી વાત આવે ત્યાં કહે કે એ વાત અમને ન બેસે! તો એમ કહેનારા આપાએ (આત્માએ) ઉપરના દૃષ્ટાંતની જેમ પ્રયોજનભૂત રકમ ઉડાડી છે. ભાઈ! પુણ્યની રકમ કબૂલ કર પણ તત્ત્વનો નિર્ણય કર નહિ તો તારા દેણા ખૂટશે શી રીતે? દેણાના ભાર નીચે ચોરાશીમાં મરી જઈશ. પુણ્યની વાત આવે તે કબૂલ કરી, દયાની વાત કબૂલી, પણ જ્યાં મૂળ રકમ આવી કે દેવ—ગુરુ—શાસ્ત્રના અને આત્માના યથાર્થ ભાન વિના ધર્મ થાય નહિ, ત્યાં આપો (આત્મા) ખૂટ્યો; મને એ વાત બેસતી નથી એમ કહીને આપો (આત્મા) ફટ છટકી જાય છે. અહીં તો કહ્યું છે કે ચારે અનુયોગ દ્વારા મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત રકમનું સંશય, વિપર્યય અને અનધ્યવસાય આદિથી રહિત યથાર્થ જ્ઞાન થતાં યથાર્થ ચારિત્ર થાય છે અને ચારિત્ર


> **મનમાંથી જે રાગાદિની નિવૃત્તિ તે મનગુપ્તિ છે;**
> **અલીકાદિની નિવૃત્તિ અથવા મૌન વાચાગુપ્તિ છે. ૬૯.**

દશામાં આળસ—મદ વગેરે બધા દોષ દૂર થાય છે. જરૂરની રકમનું સંશય રહિત તથા વિપરીતતા રહિત યથાર્થ જ્ઞાન થવું જોઈએ; ઊંધું જ્ઞાન હોય તો ધર્મનો લાભ થાય નહીં. તથા અધ્યવસાય રહિત ''આવું કાંઈક ઊંડું ઊંડું લાગે છે, પછી હોય તે ખરું'' એ પણ ન ચાલે. સાચો માર્ગ તો આ જ છે, આ માર્ગ સિવાય ત્રણકાળ ત્રણલોકમાં મુક્તિ નથી. કોઈને એમ થાય કે આ તો એક ને એક જ વાત કહ્યે રાખે છે, તો સત્યનો માર્ગ તો ત્રણે કાળે એક જ હોય.

આત્મા નિર્મળ છે, રાગ-દ્વેષ ક્ષણિક છે તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા પરનું કાંઈ કરી શકે નહિ. આ વાત સાંભળીને કોઈ કહે કે અમે તો નજરોનજર જોઈએ છીએ કે આત્મા શરીરનું કરે છે, છતાં કેમ ના પાડો છો? તો તેને કહીએ છીએ કે તેં નજરે શું જોયું? શરીર તેના કારણે ચાલે ત્યાં માની બેઠો કે મેં હલાવ્યું, અને પાછો કહે નજરે જોયું, 'વછેરાંના ઈંડાં' જેવું નજરે જોયું છે. કોઈ એમ કહે કે ઈંડું ફાટીને તેમાંથી વછેરાં નીકળતા મેં નજરે જોયા, તો તેની વાત પ્રત્યક્ષ ખોટી છે, કેમકે વછેરાંના ઈંડાં હોય જ નહિ. ઈંડું ફૂટ્યું તે જ વખતે પાસેની ઝાડીમાંથી સસલાના બચ્ચાં નીકળીને દોડતાં દીઠાં ત્યાં અક્કલ વગરનો એમ માની બેઠો કે ઈંડાંમાંથી વછેરાં નીકળ્યા, અને એ મેં નજરે જોયા. તેમ શરીરની ક્રિયા શરીરના કારણે થાય છે અને આત્મા તેને જાણે છે ત્યાં 'આ શરીરની ક્રિયા મારાથી થઈ એ નજરે જોયું' એમ અજ્ઞાની માને છે; પણ ભાઈ રે! આત્મા પરનું કરી જ શકતો નથી. તો તેં એ નજરે જોયું જ ક્યાંથી? આત્મા પરનું કરી જ શકતો નથી આ વાત જ્યાં સુધી ન બેસે ત્યાં સુધી તે સંબંધી જ્ઞાન મેળવ્યા જ કર. સર્વજ્ઞની વાતમાં ફેર પડે તેમ નથી, માટે જ્યાં સુધી સર્વજ્ઞના કહેવા પ્રમાણે તારા જ્ઞાનમાં ન બેસે ત્યાં સુધી શ્રવણ—મનન કરી જ્ઞાન મેળવ્યા જ કરવું. બાપદાદાના ચોપડામાં લખેલી વાત ન સમજાય તો ત્યાં કહે કે બાપા તો પાકા હોંશિયાર હતા, તેની ભૂલ હોય જ નહિ, મારી ભૂલ હશે—એમ ત્યાં બાપાના ચોપડામાં શંકા કરતો નથી; તેમ પરમ પિતા સર્વજ્ઞદેવની ભૂલ હોય નહિ. સર્વજ્ઞ ભગવાનના કહેવા અનુસાર પ્રયોજનભૂત રકમની સમ્યક્શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાન થવા જોઈએ. સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા સમ્યક્ચારિત્ર થાય છે અને ચારિત્ર થતાં કર્મનો નાશ થાય છે. કર્મનો નાશ થતાં સર્વ આત્માને પ્રિય એવું સુખ પ્રગટે છે. આ રીતે સમ્યગ્દર્શન એ જ સુખનો મૂળ પાયો છે.


(ક્રમશઃ) ❋

જે કાયકર્મનિવૃત્તિ કાયોત્સર્ગ તે તનગુપ્તિ છે;
હિંસાદિની નિવૃત્તિને વળી કાયગુપ્તિ કહેલ છે. ૭૦.




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(બીજી ઢાળ ગાથા-૯-૧૨)



## ગૃહીત મિથ્યાદર્શનનું સ્વરૂપ; અને મિથ્યાત્વપોષક કુગુરુ–કુદેવ–કુધર્મનું સેવન છોડવાનો ઉપદેશ

ગૃહીત મિથ્યાત્વની દશામાં શ્રેણીકરાજાએ મુનિરાજ ઉપર ઉપસર્ગ કર્યો ને નરકનું આયુષ્ય બાંધ્યું. ઉપસર્ગ દૂર થતાં સુધી એ મુનિરાજ તો એમને એમ સમતાથી બેસી રહ્યા, ને શ્રેણીકને પણ ધર્મવૃદ્ધિ કહી. જૈન મુનિરાજની આવી વીતરાગતા દેખીને શ્રેણીકને જૈનધર્મની શ્રદ્ધા થઈ, તેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, ને વ્રત કે ત્યાગ ન હોવા છતાં તીર્થંકરપ્રકૃતિ બાંધી. આ રીતે મિથ્યાત્વના ત્યાગથી જીવનું હિત થાય છે. બાહ્યપરિગ્રહ છોડવા છતાં અંદરનું–મિથ્યાત્વ ન છોડ્યું તેથી જીવનું હિત ન થયું. એક શુભ વિકલ્પથી પણ આત્માને ધર્મનો લાભ માનવો તે મિથ્યાત્વ છે, તે જ મોટો પરિગ્રહ છે, ને તે જ પાપનું મૂળ છે. મિથ્યાદૃષ્ટિ જીવે બહારથી ત્યાગી થવા છતાં અંતરમાં નિષ્પરિગ્રહી (રાગ વગરનો) એવો ભગવાન આત્મસ્વભાવને તેને અનુભવમાં ન લીધો ને રાગની પક્કડ ન છોડી, તેથી તે મોક્ષમાર્ગમાં ન આવ્યો પણ સંસારમાર્ગમાં જ રહ્યો. પ્રવચનસાર ગાથા ૨૩૬ (ટીકા)માં આચાર્યદેવ કહે છે કે–જેને તત્ત્વાર્થશ્રદ્ધાન-લક્ષણવાળી દૃષ્ટિ નથી એટલે કે સમ્યગ્દર્શન નથી એવા જીવો સ્વ–પરના વિભાગના અભાવને લીધે કાયા અને કષાયો સાથે એકતાનો અધ્યવસાય કરે છે, તે જીવોને વિષયોની અભિલાષા છૂટી નથી, તેથી તેઓ છ જીવનિકાયના ઘાતી છે, તેથી મોક્ષમાર્ગના કારણરૂપ સંયમ તેને હોતો નથી. કાયા અને કષાયો (–અશુભ કે શુભ) તેનાથી ભિન્ન પોતાના ઉપયોગસ્વરૂપ આત્માને અનુભવમાં લીધા વગર મોક્ષમાર્ગ હોતો નથી; ને એવા મોક્ષમાર્ગ વગર ગુરુપદ હોતું નથી. ગુરુ તો પોતાના વીતરાગસ્વરૂપને સાધવામાં લીન છે. તેમને અંતરમાં પરિગ્રહ છૂટી ગયા છે તેથી નિમિત્તરૂપ બાહ્ય પરિગ્રહ પણ છૂટી ગયો છે. અંદરમાં રાગનો કણિયો કે બહારમાં વસ્ત્રનો તાણો ગ્રહણ કરવાની વૃત્તિ મુનિઓને કદી હોતી નથી. ગુરુનું સ્વરૂપ આનાથી વિરુદ્ધ માનવું કે

ઘનઘાતિકર્મ વિહીન ને ચોત્રીસ અતિશય યુક્ત છે,
કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અર્હંત છે. ૭૧.

વસ્ત્રાદિ પરિગ્રહ સહિતને ગુરુ માનીને પૂજવા તે કુગુરુસેવન છે. ગુરુપદ એટલે મુનિદશા તો જિનલિંગી હોય છે.

પ્રશ્નઃ—કોઈ કુગુરુ આવે તો શું કરવું?

ઉત્તરઃ—તો જાણવું કે આ સાચા ગુરુ નથી; એ પોતે પણ મિથ્યાભાવથી દુઃખી છે ને એને સેવનારા જીવો પણ મિથ્યાભાવની પુષ્ટિથી દુઃખી જ છે,—એમ સમજીને પોતે એનું સેવન છોડવું. આ કાંઈ કોઈનું અપમાન કરવાની કે દ્વેષ કરવાની વાત નથી પણ પોતાના આત્માને મિથ્યા દોષોથી બચાવવા માટેની વાત છે. સાચી વાતમાં પણ કોઈને દુઃખ લાગે તો એના ભાવ એની પાસે રહ્યા,—તેમાં આને શું? અહીં તો સમ્યક ભાવવડે પોતે પોતાનું હિત કરી લેવાની વાત છે.

ધરમમાં શરમ ન હોય, અર્થાત્ શરમથી કે લોકલાજથી પણ કુગુરુઓનું સેવન ધર્મી જીવ કરે નહિ. પોતાનું હિત ચાહનાર જિજ્ઞાસુ જીવને દુનિયાની સ્પૃહા હોય નહિ, દુનિયા શું બોલશે—એ જોવા રોકાય નહિ. દુનિયાથી ડરીને અસત્ દેવ—ગુરુ—ધર્મને તે વેદે નહિ; પ્રાણ જાય તોય સાચા દેવ-ગુરુ-ધર્મથી વિરુદ્ધ બીજાને તે માને નહીં. અંદરમાં વીતરાગતા ગોઠી છે એટલે બહારમાં પણ વીતરાગતાના જ પોષક દેવ-ગુરુ-ધર્મને માને છે; અંદરમાં શુદ્ધ ચૈતન્યસ્વભાવ સિવાય રાગના એક કણિયાને પણ તે ધર્મ ન માને, ને બહારમાં રાગના પોષક કુદેવ-કુગુરુ-કુધર્મને માને નહિ. આ રીતે વીતરાગમાર્ગી જીવો નીડર અને નિઃશંકપણે આત્મહિતને સાધે છે. અમુક કુગુરુને ઘણા માણસો માને છે ને હું નહિ માનું તો દુનિયા મને શું કહેશે?—કે સમાજમાં હું એકલો પડી જઈશ!—એવો ભય ધર્મીને હોતો નથી. માત્ર શસ્ત્રધારી કે વસ્ત્રધારી જ કુગુરુ હોય—એમ કાંઈ નથી, વસ્ત્ર-શસ્ત્ર રહિત નગ્ન-દિગંબર થઈને પણ જેઓ વીતરાગમાર્ગથી સ્પષ્ટપણે વિરુદ્ધ પ્રરૂપણા કરે તેઓ પણ કુગુરુ છે, તેને પણ ધર્મી જીવ માને નહીં. ભાઈ, આ તો તારા હિત માટેની વાત છે.

પ્રશ્નઃ—પણ કુગુરુ સાથે જૂનો પરિચય હોય તેનું શું?

ઉત્તરઃ—પૂર્વના પરિચિત હોય તેથી કાંઈ કુગુરુને ન સેવાય. જેમ કોઈ બાળપણનો ગોઠિયો હોય ને ઝેર ખાતો હોય તેથી તે ગોઠિયા સાથે પોતે કાંઈ ઝેર ન ખવાય. (ઉલટું તેને નિષેધ કરાય કે ભાઈ, તું ઝેર ખા મા.) તું ઝેર ખાય છે તો હું પણ

છે અષ્ટ કર્મ વિનષ્ટ, અષ્ટ મહાગુણે સંયુક્ત છે,
શાશ્વત, પરમ ને લોક-અગ્રવિરાજમાન શ્રી સિદ્ધ છે. ૭૨.

તારી સાથે ઝેર ખાઉં—એમ ન હોય. એવું ગોઠિયાપણું તો છોડી દેવાનું હોય. તેમ મિથ્યાત્વરૂપી ઝેરવાળા ઊંધા માર્ગને માનનારા ને ઉપદેશનારા કુગુરુઓના વિનય કે સેવા કરવાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય છે, ને ભાવમરણથી આત્મા દુઃખી થાય છે; માટે તે છોડવા યોગ્ય છે; ને વીતરાગી દેવ-ગુરુ-ધર્મના સત્સંગવડે સાચા શ્રદ્ધા-જ્ઞાન કરવા યોગ્ય છે.

જેમ કુગુરુ અને સાચા ગુરુનું સ્વરૂપ બતાવીને કુગુરુનું સેવન છોડાવ્યું, તેમ કુદેવ અને સાચા દેવનું સ્વરૂપ ઓળખીને કુદેવનું સેવન પણ છોડવાયોગ્ય છે; કેમકે કુદેવનું સેવન પણ મિથ્યાત્વની પુષ્ટિ કરનાર છે.

મૂર્ખ અજ્ઞાની જીવો રાગ—દ્વેષનાં કાર્યો સહિત કે ગદા—ચક્ર બાણ વગેરે હિંસક ચિહ્નો સહિત મનુષ્યને ભગવાન માનીને સેવે છે, તે કુદેવસેવન છે. રાક્ષસોને હણવા ને ભક્તોને મદદ કરવી—એવાં કાર્યો વીતરાગ ભગવાન કરે નહિ, ભગવાન ને કોઈ પ્રત્યે રાગ-દ્વેષ હોય નહીં. વીતરાગ થયા પહેલાં રાજા-મહારાજા એવી સરાગદશામાં એવા ભાવો સંભવે પણ ત્યારે તે કાંઈ દેવ તરીકે પૂજ્ય નથી. જ્યારે તે સરાગભાવ છોડી, મુનિ થઈ, વીતરાગ સર્વજ્ઞ થયા ત્યારે તે દેવ થયા; ને એવા સર્વજ્ઞ વીતરાગ દેવ જ પૂજનીય છે. વીતરાગને વીતરાગસ્વરૂપે ન ઓળખતાં કોઈ સરાગ માને તો તેની માન્યતામાં કુદેવનું સેવન થાય છે, પણ તેથી કાંઈ વીતરાગ ભગવાન સરાગી થઈ જતા નથી. સર્વજ્ઞ વીતરાગ દેવની ઓળખાણ કરનારને પોતાના સાચા ભાવનો લાભ છે, ને તેમનું સ્વરૂપ વિપરીત માનનારને પોતાના ઊંધા ભાવનું નુકશાન છે. ભગવાન પોતે તો પોતાના વીતરાગસ્વરૂપમાં રમી રહ્યા છે. જેમકે ભગવાન રામચંદ્રજી, હનુમાનજી એ કાંઈ કુદેવ નથી, એ તો સર્વજ્ઞ-વીતરાગ થઈને મોક્ષ પામ્યા છે, ને તેવા સ્વરૂપે તેમને ઓળખીને પૂજવા તે તો બરાબર છે; પણ એ સર્વજ્ઞ-વીતરાગ હોવા છતાં કોઈ તેમને રાગી-દ્વેષી કે શસ્ત્રધારી—સ્વરૂપે માને તો તે સાચા દેવનું સ્વરૂપ જાણતાં નથી ને પોતાની માન્યતામાં કુદેવને પૂજે છે. એ જ પ્રમાણે અરિહંતદેવ સર્વજ્ઞ—વીતરાગ પરમાત્મા છે છતાં તેમને વસ્ત્રાદિ સહિત માનીને કોઈ પૂજે તો તેથી અરિહંતભગવાન કાંઈ દોષિત નથી થઈ જતા, પણ તેમનું સ્વરૂપ વિપરીત માનનારને મિથ્યાત્વ થાય છે, તેની માન્યતામાં કુદેવસેવન થાય છે. અહા, ભગવાનનું સ્વરૂપ પણ જે વિપરીત માને તે

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)

પરિપૂર્ણ પંચાચારમાં, વળી ધીર ગુણગંભીર છે,
પંચેંદ્રિગજના દર્પદલને દક્ષ શ્રી આચાર્ય છે. ૭૩.

# શરીરમાં રોગ થાય ત્યારે આત્માએ શું કરવું?

પ્રશ્ન :—આત્મા ચૈતન્ય સ્વરૂપ છે ને શરીરથી જુદો છે એ વાત તો અમે માનીએ છીએ, પરંતુ શરીરમાં જ્યારે રોગ થાય ત્યારે અમારે તેની દવા તો કરવી જોઈએ કે નહિ ?

ઉત્તર :—આત્મા શરીરથી જુદો છે, ને શરીરાદિ પર દ્રવ્યનું કાંઈ જ કરી શકતો નથી—એવું વસ્તુસ્વરૂપ સમજાયું હોય તો ઉપરનો પ્રશ્ન ઊઠવાનો અવકાશ રહેતો નથી. 'આત્મા શરીરથી જુદો નથી પણ શરીરનો કર્તા છે'—એવી જેની અજ્ઞાનબુદ્ધિ છે તેને જ ઉપરનો પ્રશ્ન ઊઠે છે. 'દવા કરવી કે ન કરવી' એવો પ્રશ્ન ક્યારે ઊઠે ? જો દવાની ક્રિયા આત્માને આધીન હોય તો તે પ્રશ્ન ઊઠે. જે કામ કરવા પોતે સમર્થ નથી તેના સંબંધમાં 'મારે આ કરવું કે ન કરવું' એવો પ્રશ્ન હોય નહિ. શરીરની કે દવા લાવવાની ક્રિયા આત્મા કરી શકતો જ નથી. આત્મા તો સ્વ-પરનું જ્ઞાન કરે અને બહુ તો રાગ-દ્વેષ-મોહભાવ પોતામાં કરે. જેને શરીર ઉપરનો રાગ હોય એવા જીવને દવા કરવાનો વિકલ્પ થાય, પણ દવા તો આવવાની હોય તો તેના કારણે સ્વયં આવે છે. આત્મા પરમાં એક રંચમાત્ર ફેરફાર કરી શકતો નથી. અહીં તો આચાર્યદેવ એ વાત સમજાવે છે કે જે રાગ ભાવ થાય તે કરવાનું ય આત્માનું કાર્ય નથી, અને પોતાને ભૂલીને પરને જાણવામાં રોકાય એવું જ્ઞાન પણ આત્માનું સ્વરૂપ નથી. આત્માના સ્વભાવ તરફ વળીને જાણે તે જ્ઞાન આત્માનું સ્વરૂપ છે. જડ શરીરની ને દવા કરવાની વાત તો જુદી રહી. જડની અવસ્થાઓ ક્ષણે ક્ષણે જેમ થવાની હોય તેમ જડના સ્વભાવથી થયા જ કરે છે, અજ્ઞાની જીવ પોતાના જાણનાર સ્વભાવને ભૂલીને તેનું અભિમાન કરે છે. જ્ઞાની જીવ તેનાથી ભિન્નતા જાણીને પોતાના જ્ઞાન સ્વભાવ તરફ વળે છે. ને રાગના તથા પરના જાણનાર રહે છે.

દવાને, શરીરને, રાગને અને આત્માને—બધાયને એકમેક માને તે જીવને એવો પ્રશ્ન થાય છે કે 'શરીરમાં તાવ આવે ત્યારે મારે દવા કરવી કે નહિ ? પણ ભાઈ ! તું વિચાર તો કર કે 'તું એટલે કોણ ? અને દવા કરવી એટલે શું ?' તું એટલે જ્ઞાન અને દવા એટલે અનંતા જડ રજકણો. શું તારું જ્ઞાન તે જડ રજકણોની ક્રિયા કરે ? "મારે સસલાનાં શિંગડા કાપવા કે ન કાપવા ?" એવો પ્રશ્ન જ ક્યારે હોય શકે ? જો સસલાનાં શીંગડા હોય તો એ પ્રશ્ન ઊઠે. પણ સસલાનાં શીંગડા જ નથી તો પછી તેને કાપવા કે ન કાપવાનો સવાલ જ ઊઠતો નથી. તેમ આત્મા પર વસ્તુનું કાંઈ કરી શકતો હોય તો 'મારે કરવું કે ન કરવું' એવો પ્રશ્ન ઊઠે તે વાજબી છે. પણ આત્મા પરનું કાંઈ કરી શકતો જ નથી, તો પછી 'હું પરનું કરું' કે 'હું પરનું ન કરું' એ બંને માન્યતા મિથ્યાત્વ છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—તિર્યંચને જ્ઞાન ઝાઝું ન હોવા છતાં તેને આત્મા પકડાય છે ને અમે ઘણી મહેનત કરીએ છતાં કેમ આત્મા પકડાતો નથી?**

ઉત્તર :—ઈ જાતનું પ્રમાણ આવવું જોઈએ. તે આવતું નથી. જ્ઞાનમાં જેટલું એનું વજન આવવું જોઈએ તે આવતું નથી, જ્ઞાનમાં એનું જોર જોઈએ એ જોર આવતું નથી એટલા પ્રકારથી એને સ્પૃહા—આશા છૂટવી જોઈએ તે છૂટતી નથી. તેથી કાર્ય આવતું નથી—આત્મા પકડાતો નથી.

**પ્રશ્ન :—શુદ્ધનયનો પક્ષ થયો છે એટલે શું?**

ઉત્તર :—શુદ્ધનયનો પક્ષ એટલે એને શુદ્ધાત્માની રુચિ થઈ છે. અનુભવ હજુ થયો નથી પણ રુચિ એવી થઈ કે તે અનુભવ કરે જ, પણ એ કાંઈ ધારીને સંતોષ કરવાની વાત નથી. કેવળી એ જીવને એમ જાણે છે કે આ જીવની રુચિ એવી છે કે તે અનુભવ કરશે જ. એ જીવને એવું જ્ઞાયકનું જોર વીર્યમાં વર્તે છે.

**પ્રશ્ન :—ઘણા વખતથી તત્ત્વનો અભ્યાસ કરવા છતાં આત્મા પ્રાપ્ત કેમ થતો નથી?**

ઉત્તર :—આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે, એના અતીન્દ્રિય આનંદની તાલાવેલી જાગે, આત્મા સિવાય બીજે ક્યાંય મીઠાશ લાગે નહિ, બીજે ક્યાંય રસ પડે નહિ, જગતના પદાર્થોનો રસ ફીકો લાગે, સંસારના રાગનો રસ ઊડી જાય. અહો! જેના આટલા આટલા વખાણ થાય છે એ આત્મા અનંતાનંત ગુણોનો પુંજ પ્રભુ છે કોણ? એમ આશ્ચર્ય થાય, એની લગની લાગે, એની ધૂન ચડે એને આત્મા મળે જ, ન મળે એમ બને જ નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય આવે. કારણ આપ્યા વિના કાર્ય આવતું નથી. કારણની કચાશના લઈને કાર્ય આવતું નથી. આત્માના આનંદ સ્વરૂપની અંદરથી ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે, તેને આત્મા પ્રાપ્ત થાય છે.

**રત્નત્રયે સંયુક્ત ને નિઃકાંક્ષભાવથી યુક્ત છે,**
**જિનવરકથિત અર્થોપદેશે શૂર શ્રી ઉવઝાય છે. ૭૪.**

**પ્રશ્ન :—આત્માનું સ્વરૂપ જ્ઞાનમાં આવવા છતાં વીર્ય બહારમાં કેમ અટકતું હશે ?**

ઉત્તર :—જે વિશ્વાસ આવવો જોઈએ તે આવતો નથી, તેથી અટકે છે. જાણપણું તો અગિયાર અંગનું થઈ જાય પણ ભરોંસો આવવો જોઈએ તે આવતો નથી. ભરોંસે ભગવાન થઈ જાય પણ એ ભરોંસો આવતો નથી તેથી ભટક્યા—ભટક કરે છે.

**પ્રશ્ન :—તેમાં રુચિની ખામી છે કે ભાવભાસનમાં ભૂલ છે ?**

ઉત્તર :—મૂળ તો રુચિની જ ખામી છે.

**પ્રશ્ન :—અમે તત્ત્વનિર્ણય કરવાનો ઉદ્યમ તો કરીએ, પણ ત્યાં વચ્ચે પ્રતિકૂળતા આવી પડે તો ?**

ઉત્તર :—જેને તત્ત્વનિર્ણય કરવો છે તેને તત્ત્વનિર્ણયમાં પ્રતિકૂળતા કાંઈ છે જ નહિ. પ્રથમ તો સંયોગ આત્મામાં આવતો જ નથી, સંયોગ તો આત્માથી જુદો જ છે, માટે પ્રતિકૂળસંયોગ ખરેખર આત્મામાં છે જ નહિ. વળી બાહ્ય સંયોગ તો સાતમી નરકમાં અનંતો પ્રતિકૂળ છે, છતાં ત્યાં પણ અનાદિનો મિથ્યાદૃષ્ટિ જીવ તત્ત્વનિર્ણય કરીને સમ્યગ્દર્શન પામી જાય છે. માટે પ્રતિકૂળતા આત્માને નડતી નથી.

જેને આત્માની જિજ્ઞાસા જાગી છે, સાચા દેવ-ગુરુ નિમિત્તપણે મળ્યા છે તેને તત્ત્વનિર્ણયની અનુકૂળતા જ છે. તેને કાંઈ પ્રતિકૂળતા છે જ નહિ. તત્ત્વનિર્ણય કરવા માટે સાચા દેવ-ગુરુ અનુકૂળ છે ને અંતરમાં પોતાનો આત્મા અનુકૂળ છે, જેને સાચા દેવ-ગુરુ નિમિત્ત તરીકે મળ્યા ને અંતરમાં આત્માની રુચિ થઈ તેને બધુ અનુકૂળ જ છે. તેને બીજી કોઈ પ્રતિકૂળતા નડતી જ નથી.

**પ્રશ્ન :—જે જીવ વસ્તુસ્વરૂપનો યથાર્થ નિશ્ચય નથી કરતો તેને શું થાય છે ?**

ઉત્તર :—જે જીવ વસ્તુસ્વરૂપનો નિશ્ચય નથી કરતો તેનું ચિત્ત 'વસ્તુસ્વરૂપ કઈ રીતે હશે!' એવા સંદેહથી સદાય ડામાડોળ—અસ્થિર રહ્યા કરે છે. વળી સ્વ-પરના ભિન્નભિન્ન સ્વરૂપનો તેને નિશ્ચય નહિ હોવાથી પરદ્રવ્યને કરવાની ઈચ્છાથી તેનું ચિત્ત સદાય આકુળ રહ્યા કરે છે, તેમજ પરદ્રવ્યને ભોગવવાની બુદ્ધિથી તેમાં રાગ-દ્વેષ કરીને તેનું ચિત્ત સદાય કલુષિત રહ્યા કરે છે.—આ રીતે, વસ્તુસ્વરૂપના નિશ્ચય વગર જીવનું ચિત્ત સદાય ડામાડોળ અને કલુષિત વર્તતું હોવાથી, તેને સ્વદ્રવ્યમાં સ્થિરતા થઈ શકતી નથી. જેનું ચિત્ત ડામાડોળ અને કલુષિતપણે પરદ્રવ્યમાં જ ભમતું હોય તેને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિરૂપ ચારિત્ર ક્યાંથી થાય?—ન જ થાય, માટે જેને પદાર્થના સ્વરૂપનો નિશ્ચય નથી તેને ચારિત્ર હોતું નથી.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન* :—વચનામૃતમાં ખટક લાગવી જોઈએ તેમ કહેવામાં કઈ જાતની ખટક કહેવાનો આશય છે?

**સમાધાન** :—સ્વાધ્યાય, મનન, ચિંતન તે બધાંનો હેતુ શું છે? મારે આત્માનું સ્વરૂપ પ્રગટ કરવું છે, મારે આત્માને ઓળખવો છે. સ્વાધ્યાય ખાતર સ્વાધ્યાય- મનન-ચિંતવન નહિ, પણ મારે આનો હેતુ શું છે? ધ્યેય એક ચૈતન્ય તરફનું છે, મારે ચૈતન્ય સ્વભાવ પ્રગટ કરવો છે. એક શુભભાવ પૂરતું સ્વાધ્યાય-મનન કરવાં એમ નહિ, આનો હેતુ મને ચૈતન્ય કેમ પ્રાપ્ત થાય તેવી ખટક હોવી જોઈએ. મારો સ્વભાવ કેમ પ્રાપ્ત થાય, મને ભેદજ્ઞાન કેમ પ્રાપ્ત થાય, મારા ચૈતન્ય તત્ત્વનું અસ્તિત્વ,—હું ચૈતન્ય છું—તે મને કેમ ગ્રહણ થાય તેવી ખટક હોવી જોઈએ.

*પ્રશ્ન* :—સમયસાર ગાથા ૧૭–૧૮માં આવે છે, 'અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળ–ગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં' તો શું ભગવાન આત્માનો અનુભવ અજ્ઞાન દશામાં પણ હોય છે?

**સમાધાન** :—અનુભૂતિ એટલે સ્વાનુભૂતિની અહીં અપેક્ષા નથી. આબાળગોપાળ સૌને સ્વયં વેદાઈ રહ્યો છે એટલે કે જ્ઞાનસ્વભાવ સ્વયં તેને અનુભવમાં આવી રહ્યો છે, ચૈતન્ય દ્રવ્ય પોતે પોતાના જ્ઞાનસ્વભાવે ઓળખાય તેવી રીતે અનુભવમાં આવી રહ્યું છે, કારણ કે તે જાણનારું દ્રવ્ય છે. તે જાણનારું દ્રવ્ય પોતે જણાઈ રહ્યું છે એટલે યથાર્થ જણાઈ રહ્યું છે તેમ નહિ, પણ તેનો જાણનાર સ્વભાવ બધાને અનુભવાઈ રહ્યો છે. તેમાં જડતા નથી અનુભવાતી, પણ જાણનારો બધાને ચૈતન્યરૂપે અનુભવાઈ રહ્યો છે. આ વિકલ્પ છે, આ પર છે, આ છે—આ છે તેવો વિચાર કોની સત્તામાં થાય છે એમ ખ્યાલ કરે તો જાણનારો અનુભવમાં બધાને આવી રહ્યો છે; પણ પોતે લક્ષ દઈને યથાર્થપણે જાણતો નથી. પોતે પોતાના જ્ઞાન સ્વભાવરૂપે અનુભવાઈ રહ્યો છે. જ્ઞાયક-જાણનાર તે બધાને ચૈતન્યતારૂપે અનુભવમાં આવે છે. આબાળગોપાળ બધાંને અનુભવાઈ રહ્યો છે તે

> નિર્ગ્રંથ છે, નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,
> ચૌવિધ આરાધન વિષે નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૭૫.

યથાર્થપણે નહિ, પણ તેના સ્વભાવરૂપે અનુભવાઈ રહ્યો છે. જેમ આ વર્ણ-રસ-સ્પર્શ-ગંધ બધાંમાં જડતા દેખાય છે તેમ આત્મામાં ચૈતન્યતા દેખાય છે.

*પ્રશ્ન* :—ચૈતન્યતા એટલી સ્પષ્ટ છે કે તેને ઓળખવી હોય તો ઓળખી શકાય તેવી છે?

**સમાધાન** :—ઓળખી શકાય તેવી છે, સ્પષ્ટપણે છે પણ પોતે ઓળખતો નથી. ચૈતન્યતા તો સ્પષ્ટ છે.

*પ્રશ્ન* :—આત્મા ઓળખવા માટે કેવી રીતે પુરુષાર્થ કરવો?

**સમાધાન** :—તેનો વારંવાર વિચાર કરવો, તે જાતના સ્વાધ્યાય—મનન કરવાં, અંતરમાં જિજ્ઞાસા કરવી, મહિમા કરવી કે આત્મા કેવો અપૂર્વ હશે! તે મને કેમ પ્રગટ થાય. વિભાવની મહિમા ગૌણ કરીને સ્વભાવની મહિમા પ્રગટ કરવી. હું ચૈતન્ય છું તે જાતનો વારંવાર અભ્યાસ કરવો. ચેતન સ્વભાવ માટે આવે છે ને.....

''સમતા—રમતા—ઉર્ધ્વતા, જ્ઞાયકતા સુખભાસ,
વેદકતા-ચૈતન્યતા એ સબ જીવ વિલાસ.''

તે રીતે ચૈતન્ય બધાને ખ્યાલમાં આવી શકે તેવો છે. તેમાં જ્ઞાયકતા છે, સમતા છે, રમતા-રમ્યભાવ છે, વેદકતા-વેદનમાં આવે છે, ચૈતન્યતા બધાને ગ્રહણ થાય તેવી છે.— 'એ સબ જીવ વિલાસ'—આ બધો જીવનો વિલાસ છે, પણ પોતે ગ્રહણ કરતો નથી. પુરુષાર્થ કરે તો ગ્રહણ થાય. પણ અનાદિનો પરના અભ્યાસમાં પડ્યો છે તેથી ગ્રહણ થતો નથી. પોતા તરફનો અભ્યાસ કરે તો પોતાની સમીપ જ છે, દૂર નથી.

*પ્રશ્ન* :—અનંતકાળમાં શું આવો અભ્યાસ જીવે નહિ કર્યો હોય?

**સમાધાન** :—જીવે અભ્યાસ તો કર્યો છે, પણ અપૂર્વતા નથી લાગી. અપૂર્વતા લાગવી જોઈએ કે આ કાંઈ જુદું જ છે. અંતરમાં યથાર્થ દેશનાલબ્ધિ થઈ હોય તે નિષ્ફળ જતી નથી, એવી રીતે અપૂર્વતા પ્રગટ થઈ હોય તો સફળ થાય જ. જીવે અનંતકાળમાં ઘણું કર્યું પણ તેમાં અપૂર્વતા લાગી નથી. આ કાંઈ અપૂર્વ છે તેમ પોતાને પોતાના આત્માનો વિશ્વાસ અંતરમાંથી આવવો જોઈએ.

**આ ભાવનામાં જાણવું ચારિત્ર નય વ્યવહારથી;**
**આના પછી ભાખીશ હું ચારિત્ર નિશ્ચયનય થકી. ૭૬.**

## બાળ વિભાગ

# પ્રભુદર્શનની ભાવનાનું ફળ

રાજગૃહી નગરીમાં ધર્મવત્સલ શેઠ નાગદત્ત તેની પત્ની ભવદત્તા સાથે નિવાસ કરતા હતા, શેઠે એક દિવસ દીવા સામે બેસીને જ્યાં સુધી દીવો પ્રગટતો રહેશે ત્યાં સુધી સામાયિક કરીશ એવો નિયમ લીધો, સામાયિક કરતાં તરસ લાગી ને તીવ્ર પ્યાસને કારણે શેઠને સામાયિક ભુલાઈ ગઈ અને આર્તધ્યાનના પરિણામ કરી દેહ છૂટી ગયો ને પોતાના જ ઘરની વાપિકામાં દેડકો થયા. એક દિવસ શેઠાણી વાપિકામાં પાણી ભરવા આવી તેને જોઈને દેડકાને જાતિસ્મરણજ્ઞાન થાય છે અને ઉછળીને શેઠાણીના વસ્ત્ર ઉપર ચડે છે પણ શેઠાણી દેડકાને પાણીમાં ધક્કો મારીને ઘરે આવી જાય છે એક દિવસ શેઠાણી સુવ્રત નામના મુનિરાજને પૂછે છે કે એક દેડકો રોજ ઉછળીને મારા વસ્ત્ર પર ચડે છે એ કોણ છે? ત્યારે મુનિરાજ કહે છે કે તે તારા પતિનો જ જીવ તેને પૂર્વ પર્યાયનું જાતિસ્મરણ થયું છે આ વાત જાણી શેઠાણી દેડકાને સન્માનપૂર્વક ઘરમાં લાવીને સ્નેહપૂર્વક પાલન કરે છે ....

જ્યારે ભવ્યજીવોનો કાળ પાકે છે ત્યારે સહજ કાળયોગે મહાપુરુષોનું ગમન તે તરફ થઈ જાય છે. રાજગૃહીની પવિત્ર ભૂમિએ તે યોગ્યતાને પ્રાપ્ત કરી લીધી તો વિપુલાચલ પર્વત પર ભગવાન મહાવીરનું સમવસરણનું આગમન થયું.

સમવસરણ આવતા જ દૂર દૂર સુધી સુકાળ થઈ ગયો, બધી ઋતુઓના ફળ-ફૂલ એક સાથે આવી ગયા, આંધળા લોકો જોવા લાગ્યા, ગૂંગા બોલવા લાગ્યા અને લંગડા ચાલવા લાગ્યા, રોગી રોગમુક્ત થઈ ગયા, તીર્થંકરના પુણ્ય પરમાણુ કણ-કણમાં ફેલાઈ ગયા. અહો ધન્ય ભાગ્ય !

વનમાળીએ સમવસરણના આગમનના સમાચાર રાજદરબારમાં જઈને રાજા શ્રેણિકને આપ્યા તો શ્રેણિકના રોમ રોમ આનંદિત થઈ ગયા રાજા શ્રેણિકે રાજસિંહાસનથી નીચે ઉતરી ભગવાનને યાદ કરતા થકા સાત કદમ આગળ ચાલીને અષ્ટાંગ નમસ્કાર કરી માળીને મૂલ્યવાન પુરસ્કાર આપીને વિદાય કર્યો.

ભવ્યજીવોના હૃદય-કમળને પ્રફુલ્લિત કરવાવાળા ભગવાન મહાવીરના આગમનની સૂચનારૂપ આનંદભેરી આખા નગરમાં વગાડી દીધી. ભગવાનના આગમનના સમાચાર સાંભળી પ્રજાજન આનંદ-વિભોર થઈ ગયા. શ્રેણિક જ્યારે ધર્મશ્રવણની ઉમંગ ભરીને વિપુલાચલ તરફ ચાલ્યા તો અપાર જનસમૂહ આનંદિત થઈ

નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૭.

નૃત્યગાન કરતા થકા રાજાની પાછળ ચાલવા લાગ્યા. આખું નગર પૂજનની સામગ્રી હાથોમાં લઈ ભગવાનનો જયકાર કરતા-કરતા સમવસરણ તરફ ચાલવા માંડ્યા.

મનુષ્ય, તિર્યંચ, દેવ, નર-નારી, પશુ-પક્ષી, સિંહ-વાઘ, ગાય, કૂતરા, બિલાડી આદિ સમસ્ત પરસ્પરના વેરભાવને ભૂલીને સમવસરણ તરફ જઈ રહ્યા હતા, વીતરાગીનો દરબાર તો હંમેશા બધાને માટે ખુલ્લો હોય છે, ધન્ય હતો તે દરબાર! ધન્ય તે ભવ્યજન! અને ધન્ય છે તે દશ્ય.

દેડકાએ જ્યારે આનંદભેરી સાંભળી અને જયજયકાર કરતા થકા લોકોને જાતા જોયા તો પૂર્વસ્મરણજ્ઞાનથી તેના ધર્મસંસ્કાર ફરી ઉમડી પડ્યા અને તેનું મન જિનદર્શનને માટે તડપવા લાગ્યું, ભગવાનની ભક્તિ અને પૂજનનો અપાર ઉત્સાહ અને હૃદયમાં ઉમડવા લાગ્યો પણ તે મૂક હતો, બોલવા અસમર્થ હતો...કેમ કરીને ભગવાનના સમવસરણમાં જાઉં?—એવો વિચાર કરી પશ્ચાત્તાપ કરવા લાગ્યો અરેરે! દુર્લભ મનુષ્ય પર્યાયને ફોગટમાં ગુમાવી દીધી.

“હે આત્મન્! તને આ દુર્લભ મનુષ્યપર્યાય મહાભાગ્યે પ્રાપ્ત થઈ છે તો તારે આત્માનો નિશ્ચય કરીને પોતાનું કર્તવ્ય સફળ કરી લેવું જોઈએ. તું દેહની જેટલી ચિંતા કરે છે, તેથી અનંતગુણી ચિંતા આત્માની રાખ કારણ કે અનંતભવનો અભાવ એક ભવમાં કરવાનો છે. અનિયમિત અને અલ્પ આયુષ્યવાળા આ દેહમાં આત્માર્થનું લક્ષ સર્વ પ્રથમ કર્તવ્ય છે.



જ્યારે પોતાથી રહ્યું ન ગયું ત્યારે દેડકો પણ મોઢામાં એક ફૂલ દબાવીને ભક્તિના ઉત્સાહમાં કૂદકા મારતો સમવસરણ તરફ ચાલવા લાગ્યો. અપાર ભીડ અને હાથી-ઘોડાની વચ્ચે પોતાની જાતને બચાવતો ચાલ્યો જતો હતો, ભક્તિની ધૂનમાં એ યાદ ન રહ્યું કે વિપુલાચલ પર્વત ઉપર વીસ હજાર સીડી ચડીને સમવસરણમાં કેવી રીતે પહોંચીશ? પણ જાણે કે હમણાં જ ભગવાનના દર્શન અને પૂજન કરું એવી ઉમંગ લઈને ચાલ્યો જતો હતો.

**હું માર્ગણાસ્થાનો નહીં, ગુણસ્થાન-જીવસ્થાનો નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮.**



પણ અરે ગજરાજ ઉપર ગર્વથી ચાલવાવાળાને ક્યાં ખબર હોય છે કે તેના પગ નીચે કેટલા મૂંગા પ્રાણી કચડાઈ જાય છે. અરે દુર્ભાગ્ય! શ્રેણિકના મદોન્મત્ત હાથીએ તે મૂંગા દેડકાને પગથી કચડી નાખ્યો અને તેની જીવનલીલા ત્યાં જ સમાપ્ત થઈ ગઈ પણ તેની ભક્તિયાત્રા સમાપ્ત ન થઈ અને તે ભક્તિના પવિત્ર પરિણામથી ક્ષણમાં મહર્દ્ધિક દેવ થઈ ગયો. શેઠની પર્યાયમાં કરેલી ધર્મ વિરાધનાનો પ્રતિકાર દેડકાની પર્યાયમાં કરી લીધો.



તુરંત અવધિજ્ઞાનથી ભગવત્ ભક્તિના પ્રભાવથી દેવપર્યાયનો ઉત્પાદ જાણીને પોતાની ધ્વજામાં દેડકાનું ચિહ્ન સ્થાપિત કરી સાક્ષાત્ ભગવાનના દર્શન અને જિનધ્વનિના શ્રવણ માટે ચાલી નિકળ્યો. ધન્ય છે ભગવાનની ભક્તિનો મહિમા! જેના અનુમોદના માત્રથી દેડકો ક્ષણમાં સ્વર્ગનો દેવ થઈ ગયો, તો તેના સાક્ષાત્ દર્શન અને શ્રવણના ફળસ્વરૂપ આત્માનુભૂતિપૂર્વક મુક્તિને પ્રાપ્ત થઈ જાય તેમાં શું આશ્ચર્ય છે.

**શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૦ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ તથા ગુરુદેવશ્રીની ૧૩૫મી જન્મ-જયંતી પત્રિકા-લેખનવિધિ**

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૯૦મા વર્ષનો મંગલ ઉત્સવ સ્ટાર ઑફ ઈન્ડિયાવાળા સ્વ. હીરાચંદભાઈ ત્રિભોવનદાસ દામાણી પરિવાર તરફથી સુવર્ણપુરી સોનગઢમાં ચૈત્ર સુદ-૧૩ રવિવાર તા. ૨૧-૪-૨૦૨૪ ના રોજ પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે.

આ મંગળ અવસરે શ્રી વર્ધમાન-સુરેન્દ્ર-લીંબડી-જોરાવરનગર જૈન સંયુક્ત સંઘ દ્વારા ઉજવવામાં આવનાર પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૩૫મી જન્મ-જયંતિની પત્રિકા લેખનવિધિ પણ રાખવામાં આવેલ છે તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

હું બાળ-વૃદ્ધ-યુવાન નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૯મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### * માનસ્તંભનો ૭૨મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ *

ચૈત્ર સુદ ૧૦ તા. ૧૮-૪-૨૦૨૪, ગુરુવારના રોજ સોનગઢ શ્રી માનસ્તંભ પ્રતિષ્ઠાનો ૭૨મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

### * જાતિસ્મરણજ્ઞાન વાર્ષિક દિન *

ચૈત્ર વદ-૮, તા. ૧-૫-૨૦૨૪, બુધવારના દિને પૂજ્ય બહેનશ્રી જાતિસ્મરણજ્ઞાનનો વાર્ષિક દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

### * સમ્યક્ત્વ જયંતી મંગલ પત્રિકા લેખનવિધિ સાનંદ સંપન્ન *

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનનો ૯૨મો સમ્યક્ત્વ જયંતી મહોત્સવ શ્રી અમરેલી, ચિત્તલ, સાવરકુંડલા, કાનાતળાવ, લાઠી, મોટા આંકડીયા (મુખ્ય સંયોજક દિનેશચંદ્ર દામોદરદાસ મહેતા) દ્વારા ઊજવવામાં આવનાર છે તેની આમંત્રણ પત્રિકાની લેખનવિધિ મહા વદ-૮, તા. ૩-૩-૨૦૨૪, રવિવારના રોજ સાનંદ સંપન્ન થઈ હતી. સવારે જિનેન્દ્ર પૂજા બાદ સર્વે મુમુક્ષુ ભાઈઓ-બહેનો જામનગર નિવાસી વાધર પરિવારના નિવાસસ્થાને ગયા હતા. ત્યાં ભક્તિ બાદ પત્રિકાને વાજતે-ગાજતે બહેનશ્રીના નિવાસસ્થાને થઈ સ્વાધ્યાયમંદિરમાં લાવવામાં આવી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનબાદ પત્રિકાનું વાંચન મુમુક્ષુ મંડળો વતી વસઈ નિવાસી શ્રી ધવલભાઈ દિનેશચંદ્ર દામોદરદાસ મહેતા દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ પત્રિકા લેખનવિધિ ભક્તિમય વાતવરણમાં સંપન્ન થઈ.

**શ્રી આદિનાથ જિનબિંબ પંચકલ્યાણક મહોત્સવ તા. ૧૯ થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સુવર્ણપુરીમાં સાનંદ સંપન્ન થયો. આ મંગળકારી પ્રતિષ્ઠા મહોત્સવના 'પ્રતિષ્ઠા સમાચાર અંક'નું કાર્ય ચાલી રહ્યું છે જે ટૂંક સમયમાં પ્રકાશિત કરવામાં આવશે.**

## આત્મધર્મના ગ્રાહકો માટે

આત્મધર્મના સર્વે ગ્રાહકોને જણાવવાનું કે ગુજરાતી આત્મધર્મ દરેક મહિનાની પહેલી તારીખે મોકલવામાં આવે છે તથા આપણી **website : www.kanjiswami.org** ઉપર મૂકવામાં આવે છે. જો આત્મધર્મ ડબલ આવતા હોય, બંધ કરવું હોય, એડ્રેસ બદલાયું હોય, **whatsApp**થી મંગાવવું હોય તેઓ પોતાના **whatsApp**થી નીચેની વિગત જણાવેલ ફોન ઉપર જણાવી શકે છે.

**email : contact@kanjiswami.org**

**(Mo) 9276867578 – Ashishbhai / (Mo) 9737154108 – Nirmalkumar**

ગ્રાહક નં.......................... ભાષા : ગુજરાતી / હિન્દી

એડ્રેસ : ____________________

____________________

ગામ/શહેર ____________________

મોબાઈલ નં. ____________ સહી

હું આત્મધર્મ ચાલુ રાખવા / બંધ કરવા / **whatsApp**થી મંગાવવા ઈચ્છું છું. ____________

સંપાદક, આત્મધર્મ કાર્યાલય : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (જિ. ભાવનગર)

## વૈરાગ્ય સમાચાર :–

✻ શ્રી મહેન્દ્રભાઈ રમણીકલાલ શેઠ (ઉ.વ. ૭૯)નું તા. ૩૧-૧-૨૦૨૪ના રોજ અમેરિકા મુકામે દેહ પરિવર્તન થયેલ છે.

✻ શ્રી જ્યોતિબેન બકુલચંદ્ર મહેતા (ઉ.વ. ૭૭)નું તા. ૩-૨-૨૦૨૪ના રોજ સોનગઢ મુકામે દેહ પરિવર્તન થયેલ છે.

✻ દાદર નિવાસી અભિલાષ શિરીષભાઈ ખારા (ઉ.વ. ૬૦)નું તા. ૧૨-૨-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ વઢવાણ નિવાસી (હાલ અમદાવાદ) શ્રી પરાગભાઈ ચંદુલાલ સંઘવી (—તેઓ અમદાવાદના વાંચનકાર શ્રી ચંદુલાલ શિવલાલ સંઘવીના સુપુત્ર) (ઉ.વ. ૬૫)નું તા. ૧૭-૨-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ ફતેપુર નિવાસી છોટે બાબુભાઈ નામથી ઓળખાતા પંડિત શ્રી બાબુભાઈ મહેતા (ઉ.વ. ૯૦)નું ૨૦-૨-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ગુરુદેવશ્રીના અનન્ય શિષ્ય અને બાળકોને શિક્ષણવર્ગમાં ખાસ શૈલીથી અભ્યાસ કરાવતા હતા.

✻ સુરેન્દ્રનગર નિવાસી પ્રવીણચંદ્ર જયંતીલાલ શાહ (ઉ.વ. ૮૮)નું તા. ૨૩-૨-૨૦૨૪ના રોજ દેહ ક્ષેત્રાંતર થયેલ છે.

✻ ફતેપુરનિવાસી શ્રી અમૃતલાલ ચુનીલાલ મહેતા નું તા. ૨૭-૨-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ પં. બાબુભાઈ મહેતાના નાનાભાઈ હતા અને નાની ઉંમરથી જ ગુરુદેવશ્રીના સત્સંગનો લાભ મળેલ હતો. તેમને સમાજરત્નનું બિરુદ મળેલ હતું અને તેઓશ્રી ચૈતન્યધામના પ્રમુખ હતા.

* ગોંડલ નિવાસી (હાલ પવઈ-મુંબઈ) શ્રી રસિકભાઈ ખીમચંદ ભરવાડા (ઉ.વ. ૯૪)નું તા. ૭-૩-૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી બ્ર. મુન્નીબેન રજ્જુલાલ જૈન (ઉ.વ. ૭૧)નું તા. ૧૫-૩-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી કિરણભાઈ મનહરલાલ પારેખ (ઉ.વ. ૬૫)નું તા. ૧૫-૩-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* મુંબઈ નિવાસી શ્રીમતી જ્યોતિબેન (જ્યોત્સનાબેન) મણિકાંત શાહ (ઉ.વ. ૭૬)નું તા. ૧૫-૩-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી બ્ર. ચંપાબેન શાહ (કચ્છી) (ઉ.વ. ૮૦) તા. ૧૬-૩-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ તત્ત્વજ્ઞાન માટે આજીવન બ્રહ્મચર્યવ્રત લઈ ગોગીદેવી આશ્રમમાં રહેતા હતા.
* સુરત નિવાસી ખીમચંદભાઈ ભીખાભાઈ શાહ (માંગરોળવાળા)નું તા. ૧૬-૩-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* બોટાદ નિવાસી મંજુલાબેન ધીરુભાઈ પંચાલી (ઉ.વ. ૮૪)નું તા. ૧૮-૩-૨૦૨૪ના રોજ નવકાર મહામંત્રનું અખંડ સ્મરણ કરતા દેહ પરિવર્તન થયેલ છે.

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

૧૪. પ્રશ્ન : સિદ્ધને સાતા હોય કે ન હોય ?

ઉત્તર : સિદ્ધને સાતા-અસાતા એકેય ન હોય, છતાં તેમને પૂર્ણ આત્મિક સુખ હોય.

પ્રશ્ન-૧૫ : સિદ્ધને કર્મનો ઉદય આવે તો અવતાર લ્યે કે નહિ ?

ઉત્તર : સિદ્ધને કદાપિ કર્મનો ઉદય આવે નહિ અને તેમને કદી પણ અવતાર હોય નહિ, એ તો જન્મ-મરણ રહિત થયા છે.

પ્રશ્ન-૧૬ : સમ્યગ્દર્શન છે તે પુણ્ય છે કે ગુણ છે ?

ઉત્તર : સમ્યગ્દર્શન તે પુણ્ય નથી પણ ધર્મ છે, અને તે ગુણ નથી. પણ શ્રદ્ધા ગુણની પર્યાય છે.

પ્રશ્ન-૧૭ : જ્યારે આત્માનો મોક્ષ થાય ત્યારે કેવો આકાર હોય ?

ઉત્તર : લગભગ છેલ્લા શરીર જેવો (કાંઈક ઓછો) આકાર હોય છે.

પ્રશ્ન-૧૮ : જગતમાં દ્રવ્ય કેટલાં (જાતિ અપેક્ષાએ) ? તેમાં સૌથી મોટું દ્રવ્ય ક્યું ? સૌથી મહત્તાવાળું ક્યું ? અને સૌથી નાનું ક્યું ?

ઉત્તર : જગતમાં છ દ્રવ્ય છે, આકાશદ્રવ્ય સૌથી મોટું દ્રવ્ય છે, જીવદ્રવ્ય સૌથી મહત્તાવાળું છે, કેમકે તે જ બધા દ્રવ્યોને જાણનાર છે, પુદ્ગલ પરમાણુ તથા કાલાણુ એ સૌથી નાના છે.

પ્રશ્ન-૧૯ : હળવો સ્પર્શ તે અનુજીવી ગુણ કે પ્રતિજીવી ?

ઉત્તર : હળવો સ્પર્શ તે ગુણ નથી, પર્યાય છે. પુદ્ગલ દ્રવ્યના સ્પર્શ નામના અનુજીવી ગુણની તે પર્યાય છે.

પ્રશ્ન-૨૦ : સૂક્ષ્મત્વ એટલે શું ? 'સૂક્ષ્મત્વ તે આત્માનો અનુજીવી ગુણ છે' એ વાક્ય બરાબર છે ?

ઉત્તર : સૂક્ષ્મત્વ એટલે ઈન્દ્રિયોના વિષયરૂપ સ્થૂલતાનો અભાવ, સૂક્ષ્મત્વ તે આત્માનો અનુજીવી ગુણ નથી પણ પ્રતિજીવી ગુણ છે.

પ્રશ્ન-૨૧ : કાળદ્રવ્ય કોને કહે છે ?

ઉત્તર : વસ્તુઓના પરિણમનમાં જે નિમિત્ત થાય તેને કાળદ્રવ્ય કહેવાય છે. સમય, મિનિટ, કલાક વગેરે તેની પર્યાય છે.

પ્રશ્ન-૨૨ : ચંદ્ર ઉગ્યો, સૂર્ય આથમ્યો—તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ કઈ રીતે છે તે ગોઠવો ?

ઉત્તર : ચંદ્ર અને સૂર્ય બંને જુદી જુદી વસ્તુ છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક જ વસ્તુમાં હોય છે, બે જુદી વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લાગુ પડી શકે નહિ.

પ્રશ્ન-૨૩ : જીવ દ્રવ્યમાં બે અગુરુલઘુત્વગુણો છે, તે સામાન્ય છે કે વિશેષ ? અને અનુજીવી છે કે પ્રતિજીવી ?

ઉત્તર : જીવ દ્રવ્યમાં એક અગુરુલઘુત્વગુણ સામાન્ય છે અને એક વિશેષ છે, તેમાંથી જે સામાન્ય છે તે અનુજીવી છે અને વિશેષ છે તે પ્રતિજીવી છે.

પ્રશ્ન-૨૪ : ધર્માસ્તિકાય અહીંથી જિનમંદિર સુધી જાય તો તેમાં તેને ક્યું દ્રવ્ય નિમિત્ત થાય ?

ઉત્તર : ધર્માસ્તિકાય દ્રવ્ય સ્થિર છે, તે ગતિ કરતું જ નથી, પણ ગતિ કરનારા બીજાને નિમિત્ત થવારૂપે તે પરિણમે છે.

પ્રશ્ન-૨૫ : નિગોદને સ્થાવર જીવ કહી શકાય કે નહિ ? અને સ્થાવર જીવને નિગોદ કહી શકાય કે નહિ ?

ઉત્તર : નિગોદને સ્થાવર જીવ કહી શકાય છે પણ બધા સ્થાવરને નિગોદ કહી શકાતા નથી. નિગોદ સિવાય બીજા સ્થાવર પણ છે.

પ્રશ્ન-૨૬ : અસ્તિકાય કેટલા છે ? કેટલા નથી ?

ઉત્તર : કાળ સિવાયના પાંચ દ્રવ્યો અસ્તિકાય છે, કાળ દ્રવ્ય અસ્તિકાય નથી, એક પુદ્ગલ પરમાણુ પણ અસ્તિકાય નથી. પરંતુ તેનામાં સ્કંધરૂપ થવાની શક્તિ હોવાથી તે અસ્તિકાયમાં ગણાય છે.

પ્રશ્ન-૨૭ : અસ્તિકાય તે દ્રવ્ય, ગુણ કે પર્યાય છે ?

ઉત્તર : અસ્તિકાય તે અનેક પ્રદેશવાળું દ્રવ્ય છે. જે દ્રવ્ય અનેક પ્રદેશવાળું હોય તેને અસ્તિકાય કહેવાય છે.

પ્રશ્ન-૨૮ : વેદનીયકર્મના નાશથી ક્યો ગુણ પ્રગટે છે ? તે અનુજીવી છે કે પ્રતિજીવી ?

ઉત્તર : અવ્યાબાધ ગુણ પ્રગટે છે, તે પ્રતિજીવી ગુણ છે.

પ્રશ્ન-૨૯ : અભવ્યત્વ તે અનુજીવી છે કે પ્રતિજીવી ?

ઉત્તર : અભવ્યત્વ તે અનુજીવી છે, કેમકે તે કોઈ પરના અભાવની અપેક્ષા રાખતું નથી.

---

ભૂલ સુધાર : અંક માર્ચ ૨૦૨૪ : પ્રથમ પેજ બીજી લાઈન : અશુદ્ધિ : માર્ચ ૨૦૧૮ શુદ્ધિ : માર્ચ ૨૦૨૪

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ત્રીજી ઢાળમાંથી મળશે.)

(૧) સમ્યક્ત્વાદિ વીતરાગભાવ તે સાચો ................ છે.
(૨) રાગાદિ ભાવોથી રહિત શુદ્ધભાવ તે ............... છે.
(૩) જ્ઞાન તે આત્માનું ............ જ છે તેથી જ્ઞાન આત્માથી કદી જુદું પડતું નથી.
(૪) મુમુક્ષુ જીવને .............. પદ સિવાય બીજું કાંઈ સાધ્ય નથી.
(૫) સાધકદશાનો ................ સમય હોય છે.
(૬) સાધ્યરૂપ મોક્ષદશાનો કાળ ............. છે.
(૭) ............... પૂર્વક જ સાચો વ્યવહાર હોય છે.
(૮) સમ્યક્દર્શનની સાથે ધર્મીને ............. આદિ આઠગુણ હોય છે.
(૯) ................ પુણ્યને ઈચ્છે છે.
(૧૦) ............... ના શરીરમાં રોગ અથવા અશુચિ હોતા નથી.
(૧૧) સમ્યક્દર્શન ................ ધર્મ સિવાય બીજા ધર્મમાં ન થાય.
(૧૨) મોક્ષ પામવા માટે .............. ખાસ જરૂરી છે.
(૧૩) સાતથી બાર ગુણસ્થાનવર્તી શુદ્ધોપયોગી મુનિ .............. અંતરાત્મા હોય છે.
(૧૪) દેશવ્રતી શ્રાવક અને મહાવ્રતી મુનિ ............... અંતરાત્મા છે.
(૧૫) અરિહંત ભગવાનને ............ અને ............. ગુણસ્થાન હોય છે.
(૧૬) પોતાનું મોટાપણું અને આજ્ઞાનો ગર્વ કરવો એ .............. મદ છે.
(૧૭) ભૂતાર્થ સ્વભાવના આશ્રયે સમ્યકદર્શન તે સમયસારની .............. મી ગાથામાં છે.
(૧૮) બહિરાત્મદશામાં તો એકાંત ............... જ છે.
(૧૯) મોક્ષશાસ્ત્ર સંસ્કૃતમાં ............... સ્વામીએ લખ્યું છે.
(૨૦) જે જીવ ............ હોય તેને સર્વજ્ઞ પરમાત્માની શ્રદ્ધા ન હોય.

---

### બાળકો માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી – ૨૦૨૪ના ઉત્તર

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | સુખ | (૬) | મોક્ષ | (૧૧) | બાહ્ય | (૧૬) | ૧૧ |
| (૨) | ધર્મી | (૭) | નિશ્ચય | (૧૨) | ઉપયોગ | (૧૭) | અંતર |
| (૩) | પહાડ | (૮) | મોક્ષ | (૧૩) | નિશ્ચય | (૧૮) | ૪૩ |
| (૪) | અનંત | (૯) | નિશ્ચય | (૧૪) | સમ્યક્દર્શન | (૧૯) | અરિહંત – સિદ્ધ |
| (૫) | ગ્રાહક | (૧૦) | સમયસાર | (૧૫) | ઉમાસ્વામી | (૨૦) | આચાર્ય, ઉપાધ્યાય સાધુ |

**શ્રી વર્ધમાન-સુરેન્દ્ર-લીંબડી-જોરાવરનગર દિગંબર જૈન સંયુક્ત સંઘ**
**ગુરુભક્તિ સહ અધ્યાત્મ સાધના તીર્થ સુવર્ણપુરીમાં ઉજવે છે**

## અધ્યાત્મમાર્ગપ્રસારક, જ્ઞાયકયુગપ્રવર્તક, સ્વાનુભવવિભૂષિત પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૩૫મો

# મંગલ–જન્મજયંતી–મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૩૫મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ(સુવર્ણપુરી)માં શ્રી વર્ધમાન-સુરેન્દ્ર-લીંબડી-જોરાવરનગર દિગંબર જૈન સંયુક્ત સંઘ દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૩૫મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૫-૫-૨૦૨૪, રવિવારથી તા. ૯-૫-૨૦૨૪, ગુરુવાર—પાંચ દિવસીય 'શ્રી સુવર્ણપુરીમાં બિરાજમાન ભગવંતોનું મંડલ વિધાન પૂજા' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સીડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણ વર્ગ તથા ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

(આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૨૧-૦૪-૨૦૨૪, રવિવારના રોજ રાખેલ છે. તો સર્વેને પધારવા વિનંતી છે.)

નિમંત્રક
શ્રી વર્ધમાન-સુરેન્દ્ર-લીંબડી-જોરાવરનગર દિગંબર જૈન સંયુક્ત સંઘના
જય-જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● 'પોતે પોતાની દયા ન કરી' એટલે ? પોતાનું અનંત ચૈતન્ય-જ્યોતિરૂપ જીવનું જાગતું જીવન છે તેને ન માન્યું-પરંતુ 'રાગાદિરૂપ હું છું'—તેમ સ્વીકાર્યું તે પોતાની હિંસા છે. જેવું છે તેવું ન માનવું તે સ્વહિંસા છે. ૬૧૭.

● ઈર્યા-સ્વભાવને જોઈને તેમાં રમવું.

ભાષા-સ્વભાવની પરિણતિ થવી.

એષણા-સ્વભાવને શોધી તેમાં લીન થવું.

આદાન-નિક્ષેપ—જેને ગ્રહ્યું છે તેને છોડતો નથી અને જેને પકડ્યું નથી તેને ગ્રહતો નથી—તેવા સ્વભાવમાંથી નિર્મળ પર્યાય લેવી અને રાગને છોડવો.

પ્રતિષ્ઠાપન-પાપ-પુણ્ય કે જે ઝેર છે તેનો ત્યાગ અને વીતરાગતાની ઉત્પત્તિ-આ ભાવ સમિતિની વ્યાખ્યા છે. ૬૨૦.

● વીતરાગની વાણી સાંભળતા કાયર કંપી ઉઠે છે. જ્યારે વીર ઉછળી ઉઠે છે. ૬૨૧

● ધ્રુવ અને પર્યાયને સર્વથા એક માનવા, દૃષ્ટિના વિષય તરીકે માનવા તે એકત્વબુદ્ધિ-મિથ્યાત્વ છે. તેને પર્યાયબુદ્ધિ કહે છે. તે દ્રવ્યબુદ્ધિ નથી. ૬૨૨

● ચૈતન્યસૂર્યના પ્રકાશમાં અંધકારમય રાગનો આદર કેમ હોય ? જ્ઞાનસ્વરૂપનું જેને જ્ઞાન છે તે જ્ઞાની છે. ૬૨૩.

● ભાઈ ! અધીરો ન થા. તારું જ્ઞાતૃત્વ છોડીને 'હું જગતને સમજાવી દઉં'— એવો અભિપ્રાય ન રાખવો. ૬૨૪.

● અનંતના નાથને (પોતાના આત્માને) જાણ્યો નથી. તેથી અનંત ભવ કરવા પડ્યા છે. ૬૨૫.

● જે સ્વાત્માને ધ્યેય બનાવીને સાધતા નથી તે બધાય અસાધ્ય (બેભાન) છે. ૬૨૬.

● જે પોતામાં છે તેને પોતાનું ન માનવું ને જે પોતામાં નથી તેને પોતાનું માનવું તે દુઃખનું કારણ છે. ૬૨૭.

આત્મધર્મ
એપ્રિલ-૨૦૨૪
અંક-૮ ● વર્ષ-૧૮

Posted at Songadh PO
Publish on 1-04-2024
Posted on 1-04-2024

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org